



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૨-૦૬-૨૦૨૪ શનિવાર



૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૩,૩૯૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦-૦૬-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ જેઠ સુદ ૧૫ વર્ષ : ૨૮ અંક ૨૬૬


### ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ : 'સ્વયં અને સમાજ માટે યોગ' થીમ સાથે મનોરમ્ય વાતાવરણમાં યોગ દિનની ઉજવણી

# યોગએ આપણી પ્રાચીન પરંપરાની અમુલ્ય ભેટ : શ્રી કૌશીક વેકરીયા

**વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયા, જિલ્લાના નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ ઉજવણીમાં જોડાયા**

**યોગ થકી શરીર અને આત્માનું જોડાણ શક્ય બને છે સાથે તણાવમુક્ત, આરોગ્યપ્રદ જીવનશૈલી માટે ઉત્તમ ઉપાય છે : શ્રી સ્વામી વિવેકાનંદે આધ્યાત્મિક રીતે યોગનો સંદેશો આપેલો : શ્રી વેકરીયા**



અમરેલી ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે, અર્થાત્મનને પ્રસન્ન રાખવા માટે યોગ જરુરી છે. 'યોગ: કર્મસુ કૌશલમ' સૂત્રમાં કર્મયોગનું ચિંતન રજૂ થયું છે. યોગ એ આપણી પ્રાચીન ષિ પરંપરાની અમૂલ્ય ભેટ છે સાથે યોગ થકી શરીર અને આત્માનું જોડાણ શક્ય બને છે. ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ સાથે અમરેલી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મનોરમ્ય વાતાવરણમાં જિલ્લાકક્ષાની ઉજવણી સંપન્ન થઈ હતી. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં બનાસકાંઠાના નડાબેટ ખાતે 'આંતરરાષ્ટ્રીય યોગ (અનુ. પાના નં.૭)

### અમરેલી જિલ્લામાં અમારી સામે કોઈ પેદા નથી થયો : તને ધારી આવી પતાવી દઈશું

# માથાભારે શખ્સની ધમકીથી ધારીનો યુવાન ઘરછોડીને ચાલ્યો ગયેલો : પોલીસે શોધ્યો

**હું અવિરત ધાધલ બોલુ છું કહી ધમકી આપનાર સામે ધારીનાં યુવાને પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી,

અમરેલીના એકલુખ્ખા તત્વ દ્વારા ધારી રહેતા એક નવલોહિયા યુવાનને તેના ઘરે આવી પતાવી દેવાની ધમકી આપવામાં આવી છે જે સંપુર્ણ (અનુ. પાના નં.૭)

### યુવાનોને ઘરે ચા બનાવીને પીવાનું મન થયું અને...

# કુંકાવાવમાં ગેસ સીલીન્ડરમાં આગ : ત્રણ દાઝ્યાં

**ઘરે ચા બનાવતી વખતે પાઇપ લીક થતા પ્રેશર આવ્યુ અને સીલીન્ડરમાંથી પાઇપ છટકી**



અમરેલી,

કુંકાવાવનાં આંબેડકર નગરમાં રહેતા ત્રણ તરૂણો ઘરે ચા બનાવતા ગેસની પાઈપ લીક થતા આગ લાગતા ત્રણેય દાઝી ગયા હતા આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર નાની કુંકાવાવના આંબેડકર નગરમાં રહેતા પ્રિન્સ મધુભાઈ જાદવ, ગોપાલ મધુભાઈ જાદવ અને ધાર્મિક રામજીભાઈ (અનુ. પાના નં.૭)

# અમરેલીમાં સૌભાગ્યવતીઓએ વડ પુજન કર્યુ



અમરેલીમાં આજે વડસાવિત્રી વ્રત નિમિતે નાગનાથ મહાદેવ સામે નગરપાલિકા કચેરીમાં આવેલ વડનું પરિણીત મહિલાઓએ પુજન કરી પોતાના પતિના લાંબા આયુષ્યની પ્રાર્થના કરી હતી. ભુદેવો દ્વારા મહિલાઓને પુજન વિધી કરાવી હતી.


ભગવાન સૌનું ભલુ કરો...





– રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા – મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા – મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
- સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
- દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
- દાંતમાંથી નીકળતા લોહી, મોંઢાની દુર્ગંધ તેમજ પાન-મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
- પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુ:ખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
- નાના બાળકોના તમામ દાંત અને પેઢા
- ઓછા ખુલતા મોંઢાની સારવાર.
- પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.



શ્રી શુભલક્ષ્મી મહિલા ક્રેડીટ કો.ઓ.સોસાયટી લી. અમરેલી
ગોલ્ડન પ્લાઝા, પહેલા માળે, સ્ટેશન રોડ - અમરેલી ફો.નં.૨૩૨૨૫૦

સભાસદો જોગ જાહેરાત

આ મંડળીના તમામ સભાસદ બહેનોને જણાવવાનું કે આપણી મંડળીની ૨૪ મી વાર્ષિક સાધારણ સભા દર્શાવેલ તારીખે અને સમયે યોજવામાં આવેલ હોય તમામ સભાસદ બહેનોએ ઉપસ્થિત રહેવુ.

૨૪ મી વાર્ષિક સાધારણ સભા
તારીખ : ૨૩-૦૬-૨૦૨૪, રવિવાર
સમય : સાંજે ૫:૦૦ કલાકે
સ્થળ : મહાજન પાર્ટી પ્લોટ, ગોપી ટોકીજ પાસે, રેલ્વે સ્ટેશન રોડ, અમરેલી

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સુચનાથી
જીજ્ઞાબેન અરૂણભાઇ જોષી
મેનેજર



અમરેલી જિલ્લામાં એકમાત્ર...
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮
LIC





પથરી - પ્રોસ્ટેટ કીડનીની તકલીફ ?
ફ્રિ નિદાન ફ્રિ ઓપરેશન કેમ્પ
ડો. જય માકડિયા (યુરોલોજીસ્ટ)
તારીખ : ૨૨/૦૬/૨૦૨૪
શનિવાર, સવારે : ૧૧ થી ૨
નોંધ :-
(૧) હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે
(૨) જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦



POLO PLUS
પોલો પ્લસ
CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...






વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬



Sheetal
We are HIRING!
FRANCHISE MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE
Number of position : 03
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com




## સ્વચ્છ ભારત મિશન ‘સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારત’ અભિયાન અંતર્ગત

# અમરેલીમાં વાહનોનો લોકાર્પણ સમારોહ યોજાયો

**વિધાનસભાના નાયબ દંડક શ્રી કૌશીક વેકરીયા, સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, મુકેશભાઈ સંઘાણી, બીપીનભાઈ લીંબાણી સહિત વિવિધ આગેવાનોની ઉપસ્થિતી**

**૧૮ વ્હીકલ રોડ સ્વીપર ૨, ટ્રેક્ટર વિથ ટ્રોલી ૨ તથા રોબોટ અને જેસીબી સહિતના વાહનોને લોકાર્પણ કરી લીલીઝંડી આપતા નાયબ દંડક શ્રી કૌશીક વેકરીયા**



અમરેલી,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીદ્વારા સ્વચ્છ ભારત મિશન - ગ્રામીણ અને શહેરીની પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ’સ્વચ્છ ભારત મિશન - શહેરી ૨.૦’ નું લક્ષ્ય, શહેરોને સંપૂર્ણપણે કચરામુક્ત કરવાનું છે. સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૧.૦ ‘સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારત’ અંતર્ગત અમરેલી સ્થિત નગરપાલિકા પ્રાંગણમાં વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી અને અમરેલી-કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા અને લોકસભા સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેકશન વ્હીકલ સહિતના વાહનોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. નાયબ મુખ્ય દંડકશ્રી વેકરિયા અને વિવિધ પદાધિકારીશ્રીઓ સહિતનાઓએ ડોર-ટુ-ડોર કચરા કલેકશન ૧૧ વ્હીકલ, રોડ સ્વીપર મશીનર, ટ્રેક્ટર વીથ ટ્રોલી ૨, રોબોટ જેસીબી વાહન ૧ ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતુ.

અમરેલી નગરપાલિકા ખાતે સફાઈ માટેના નવા વાહનોના લોકાર્પણ કાર્યક્રમમમાં વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી વેકરિયાએ જણાવ્યુ કે, રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેકશન વ્હીકલ સહિતના નવા વાહનો થકી શહેરની સ્વચ્છતા વધારવામાં મદદ મળશે, લોકોની જાહેર સુખાકારીમાં ઉમેરો થશે.

રાજ્ય સરકાર દ્વારા અમરેલી નગરપાલિકાને નવા વાહનોની ફાળવણી કરવા બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. અમરેલી નગરપાલિકાને સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૧.૦ અંતર્ગત શહેરી સ્વચ્છતામાં વધુ મદદ અર્થે રુ. ૧,૯૫,૭૦,૫૯૨ની કિંમતના વિવિધ વાહનોની ફાળવણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેકશન વ્હીકલ સહિતના નવા વાહનોની મદદ થકી શહેરમાં સ્વચ્છતાલક્ષી વધુ સારી અને ગુણવત્તા સાથેની સેવા પૂરી પાડવામાં મદદ મળશે, લોકોની જાહેર સુખાકારીમાં પણ ઉમેરો થશે. રોડ સ્વીપર, ડોર-ટુ-ડોર કચરા કલેકશન વ્હીકલ સહિતના વાહનોના લોકાર્પણ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રી બીપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ શ્રી બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન શ્રી ધરજીયા, અગ્રણી શ્રી મુકેશભાઈ સંઘાણી સહિતના પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી ગાયત્રી સંસ્કારધામ ખાતે

# ચલાલામાં યોગ દિવસની ઉજવણી કરાઈ

**ભારતભુષણ મહેશભાઈ મહેતા, ચીફ આફીસર ભાવનાબેન ગૌસ્વામી, પી.એસ.આઈશ્રી રામાણી સહિતની ઉપસ્થિતી**



ચલાલા, (પ્રકાશ કારીયા) યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે યોગ દિવસ ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સર્વપ્રથમ દીપપ્રાગટ્ય ભારતભૂષણ મહેશભાઈ મહેતા, નગરપાલિકા ચીફ ઓફિસર શ્રી ભાવનાબેન ગૌસ્વામી, ચલાલા પી.એસ.આઈ. શ્રી રામાણી તથા પી.જી.વી.સી.એલ. માંથી શ્રી હીરપરા, તેમજ દેવકુભાઈ વાળા, જયરાજભાઈ વાળા, સહીત અગ્રણીઓ દ્વારા કરાયું હતું. ત્યારબાદ સરકાર શ્રી ની ગાઈડ લાઈન મુજબ બધાજ વિદ્યાર્થીની ભાઈ બહેનો સહીત અગ્રણીઓને યોગ થતા વિવિધ આસનો કરાવાયા હતા. આ આસનો દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના યોગાચાર્ય બહેનો તથા દેવકુભાઈ વાળા તેમજ યુવરાજભાઈ દ્વારા કરાવવામાં આવ્યા હતા. તેમજ આ કાર્યક્રમ માં ભયલુભાઈ વાળા, અવિભાઈ માલા, પ્રદીપભાઈ, વનરાજભાઈ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય સ્ટાફગણ, સંસ્કૃત શક્તિ ગુરુકુળ સ્ટાફગણ, ભુવા શાળા સ્ટાફગણ, દાનેવ શાળા સ્ટાફગણ, કન્યાશાળા સ્ટાફગણ, પોલીસ સ્ટાફ ગણ, હોમગાર્ડ સ્ટાફગણ, પી.જી. વી. સી.એલ. સ્ટાફગણ, નગરપાલિકા સ્ટાફગણ સહીત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા ચા - પાણી નાસ્તાની સુંદર વ્યવસ્થા સંસ્થાના ડાયરેક્ટર શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શ્રી શીતલબેન મહેતા તેમજ સ્ટાફ ગણ દ્વારા કરવામાં આવી હતું.

## એસટી વિભાગ દ્વારા

# રાજુલા ભેરાઈ રોડ ઉપર બસ સ્ટોપ આપવા માંગ

**મુસાફરોને સ્ટોપ અભાવે વેઠવી પડતી ભારે હાલાકી**

રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા વેરાઈ રોડ ઉપર એસટી વિભાગ દ્વારા બસ સ્ટોપ આપવા માટે માંગણી ઉઠવા પામી છે કારણ કે મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જાણવા મળતી વિગત મુજબ રાજુલા પહેરાઈ રોડ ઉપર ૨૫ જેટલી નાની મોટી સોસાયટીઓ આવેલી છે અહીંથી અસંખ્ય મુસાફરો એસટી માં આવતા જતા હોય છે અહીંથી એસટી બસ સ્ટેન્ડ ૩ કિમિ દૂર થાય છે આથી આ રોડ પર એસટી વિભાગ દ્વારા બસ સ્ટોપ આપવામાં આવે તેવી માંગ છે આ બાબતે આ વિસ્તારના આગેવાન પંકજભાઈ જોશી દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે આ વિસ્તારના લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે આથી અહીં એસટી પિકપ સ્ટોપ આઓવક આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

## બાગાયતી પાકોમાં રક્ષિત ખેતી અંગે

# અમરેલી ખાતે ઈમ્પેક્ટ એનાલિસિસ સેમિનાર યોજાયો

**જિલ્લાના ૫૦ થી વધુ ખેડુતો સેમિનારમાં જોડાયા**

અમરેલી, બાગાયતી પાકોમાં રક્ષિત ખેતી અંગે ઈમ્પેક્ટ એનાલિસિસ-વ-સેમિનારનું આયોજન બાગાયત કચેરી દ્વારા કરવામાં આવ્યુ હતુ. નેટ હાઉસ-ગ્રીન હાઉસમાં ખેતી કરતા .જિલ્લાના ૫૦ થી વધારે ખેડુતો જોડાયા હતા. કાર્યક્રમમાં બાગાયત નિયામકશ્રી સી. એમ. પટેલ, સંયુક્ત બાગાયત નિયામકશ્રી આર. એચ. લાડાણી સહિતના અધિકારીશ્રી ઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. ખેડુતો સાથે ખેતી વિષયક ચર્ચાઓ કરી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે અમરેલી જિલ્લા વિકાસ અધિકારી શ્રી પંડયાએ ઉપસ્થિત રહી ખેડૂતો સાથે વાતચીત કરી હતી, બાગાયત વિભાગની વિવિધ યોજનાકીય સહાય મેળવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં નાયબ બાગાયત નિયામક શ્રી જે. ડી. વાળાએ પણ ખેડૂતોને ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપ્યા હતા. સેમિનારમાં અમરેલી જિલ્લામાં બાગાયતી પાકોમાં રક્ષિત ખેતી અંગે ઈમ્પેક્ટ એનાલિસીસ પણ કરવામાં આવ્યુ હતુ. આગામી સમયમાં પાક પસંદગી, માર્કેટિંગ, ઉત્પાદન સહિત મુદ્દાઓને ખ્યાઁ હેઠળ આવરી લેવા બાબતે ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી, નાયબ ખેતી નિયામકશ્રી, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ, બેંકના અધિકારીશ્રીઓ, FPO તેમજ ખેડૂતો સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ગટરનું કામ નબળુ થયુ હોવાથી

# રાજુલાની મેઈન બજારમાં ગટરના પાણી ભરાયા

**બજારમાં ગંદા પાણી ફરી વળતા વેપારીઓ રાહદારીઓ હેરાન**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા શહેરમાં આજે સવારથી જ મેઈન બજારમાં ગટર ના પાણી ઉભરાતા રાજુલા શહેરની મુખ્ય બજારોમાં ગટરના પાણીઓ જોવા મળ્યા એક તરફ સવારના વેપારીઓની દુકાન ખોલવાનો સમય અને બાજુ સવાર માં ભગવાનને દીવાબત્તીઓ કરવાનો સમય હોય તેવા સમયે આ ગટરના પાણીઓમાંથી ચાલીને આ દુકાનો ખોલવી પડે છે અને વહેલી સવારે હવેલીના દર્શન કરીઅને વેપારીઓ જ્યારે દુકાનો ખોલવાની હોય ત્યારે આ સમયે આ ગટરના પાચાલીને ભગવાનના દર્શન કરવા કે દુકાન ખોલવી કે પછી આ ગટરના પાણીમાં ચાલવું તે રાજુલાના વેપારીઓને સમજાતું નથી આજે સવાર માંથી રાજુલા શહેર નું મુખ્ય બજાર માં આ ગટરો ઉભરાણી ત્યારે રાજુલા શહેરના વેપારી ઓ દ્વારા આ ગટરના પાણીથી ભયંકર દુર્ગન મારતું હતું અત્યાર સુધી સોસાયટીઓમાં ખુલ્લી ગટર રહેતી હોય છે ત્યારે કોઈ સાંભળવા વાળું નતું હવે શહેરના વેપારીઓમાં ગટરનું પાણી વધારે આવ્યું ત્યારે ખબર પડી કે આ તો હવે શું કરવું આ પરિસ્થિતિ મેન બજારની નથી આવી તો અનેક સોસાયટીઓમાં પરિસ્થિતિ છે ગટરનું કામ ૩૫ કરોડનું કામ હતું જે ભયંકર નબળું થયું એ આખું ગામ જાણે છે ત્યારે હવે આ પરિસ્થિતિ ઉભી થઈ કારણ કે હવે વેપારીઓમાં કલબલાટ કરું થયો કે હવે શું કરવું અને ચોમાસામાં શું પરિસ્થિતિ થશે વેપારીઓમાં પણ ચર્ચા થતી હતી કે જ્યારે આ ગટર બની ત્યારે અનેક ફરિયાદો કરી હતી પરંતુ જ્યારે કોઈએ સામું જોયું નહીં જેનું આજે પ્રજા ભોગવી રહી છે અત્યારે આવી ગટરો ઉભરાય છે ત્યારે લોકો હેરાન પરેશાન થઈ ર છે કાં આ ગટરો કાઢી નાખવી જોઈએ અથવા નવી નાખવી અથવા રીપેરીંગ કરવી તેવી માંગણી વેપારીઓની છે કેમકે સોસાયટીની વાત તો બેરા કાને અથડાતી ન હતી હવે વેપારી ની રજૂઆત આ પ્રશ્ન નગરપાલિકાના ચીફ ઓફિસર કે વહીવટદાર કે રાજકીય મહાનુભાવો ઘટતું કરે એવી માંગણી અને લાગણી વેપારીઓમાંથી ઉઠવા પામી છે.

# રાજુલા જાફરાબાદ પાલીકાઓને સાડા ચાર કરોડની ગ્રાંટ ફાળવી

**શહેરી વિકાસ યોજનામાં બંને પાલીકાઓને ગ્રાન્ટના ચેક અર્પણ કરાયા**

રાજુલા, (કનુભાઈ વરૂ) ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત શહેરી વિકાસ યોજનામાં તમામ નગરપાલિકાઓને વિવિધ વિકાસના કામો કરવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે જેમાં રાજુલા અને જાફરાબાદ નગરપાલિકા બંને નગરપાલિકાને રૂપિયા સાડા ચાર કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે જેના ચેક વિતરણ નો કાર્યક્રમ ગાંધીનગર ખાતે સોમવારના રોજ યોજવામાં આવ્યો હતો જેમાં રાજુલા અને જાફરાબાદ નગરપાલિકામાંથી અધિકારીઓ અને પદાધિકારીઓના વરદ હસ્તે આ ચેકને સ્વીકારવામાં આવ્યો હતો. આ બાબતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ જણાવ્યું હતું કે સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત આ બંને નગરપાલિકાને દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમ આ વર્ષે પણ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ત્યારે બંને શહેરોમાં માળખાકીય સુવિધાઓ તેમજ અન્ય પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવા માટે હાલમાં નગરપાલિકાના સત્તાધીશોને સાથે રાખી તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે આગામી સમયમાં આપનું આયોજન કરી નાખવામાં આવશે ઉપરાંત રાજુલા અને જાફરાબાદ બંને શહેરોમાં કોઈપણ નાના મોટા વિકાસના અને માળખાકીય કામો હોય તો આ આયોજનમાં લઈ શકાય તે માટે ધારાસભ્ય કાર્યાલય ઉપર પોતાની રજૂઆત લેખિતમાં મોકલી આપવા ધારાસભ્યશ્રી અનુરોધ કર્યો છે.

# અમરેલી જીલ્લાની તમામ આટીઆઈમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

અમરેલી, અમરેલી જીલ્લાની તમામ ૧૨ આઈ.ટી.આઈ ખાતે પ્રવેશ સત્ર ૨૦૨૪ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા હાલમાં ચાલુ છે. જેમાં ધોરણ ૧૦ પાસ તેમજ ધો ૮ પાસ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવા માટે જિલ્લાની કોઈપણ આઈ.ટી.આઈનો સંપર્ક કરી શકશે. અમરેલી જીલ્લામાં હાલમાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, ધારી, કુકવાવ, વડિયા, સાવરકુંડલા, ખાંભા, રાજુલા અને જાફરાબાદ આમ કુલ ૧૨ સંસ્થાઓમાં ખાતે સરકારી ઔધોગિક સંસ્થાઓ આવેલી છે જ્યાં હેલ્પ સેન્ટરો ઊભા કરાયેલા હોય તમામ ઉમેદવારો સહેલાઈથી ઓનલાઈન પ્રવેશફોર્મ ભરી શકે તે માટે વ્યવસ્થા ઊભી કરાયેલ હોવાનું નોડલ આચાર્યશ્રી અમરેલીની યાદીમાં જણાવાયું છે. પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦-૦૬-૨૦૨૪ છે. વધુ માહિતી માટે અમરેલી-૯૪૨૯૦૯૮૧૬૮, કુંકાવાવ ૯૦૩૩૩ ૪૯૬૦૫, વડિયા- ૦૨૭૯૬ ૨૭૩૧૭૦, ધારી-૯૭૩૭૬૮૮૦૨૪, બગસરા-૦૨૭૯૬ ૨૨૨૮૮૮, ખાંભા -૯૯૨૪૬ ૫૫૦૭૯, સાવરકુંડલા-૯૮૯૮૦૪૧૬૭૭, લીલીયા-૯૬૦૧૪ ૩૫૬૬૦, લાઠી-૯૪૨૯૫ ૫૯૩૪૩, બાબરા -૯૫૧૦૩ ૩૬૮૮૯, રાજુલા-૯૩૭૬૮૧૯૪૭૫, જાફરાબાદ-૭૫૭૫૦ ૭૦૭૨૫ નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ચેરમેનશ્રી મનીષ સંઘાણી દ્વારા લેવાયેલો નીર્ણય

# અમરેલી જીલ્લા સહકારી સંઘમાં ડીરેક્ટર પદે શ્રી દેવુભાઈ વરૂની નીમણુંક

**દેવુભાઈ ની વરણી થતા કાઠી સમાજમાં હર્ષ વ્યાપી ગયો : આવકાર**



રાજુલા, (કનુભાઈ વરૂ) અમરેલી જિલ્લા સહકારી સંઘ અમરેલી જિલ્લામાં ખેડૂતલક્ષી સારું એવું કામ કરતી સંસ્થા એટલે જિલ્લાની સહકારી સંઘના હાલ તો મનીષભાઈ સંઘાણી પ્રમુખપદે કાર્યરત છે સહકારી સંઘની પ્રવૃત્તિઓ શિક્ષણ મંડળીઓ નાગરિક બેંક તેમજ સહકારી માળખાવો વગેરે અને કામગીરી જિલ્લા સહકારી સંઘ મારફત કરવામાં આવતી હોય છે શ્રી જિલ્લા સહકારી સંઘના પ્રમુખ મનીષભાઈ સંઘાણીએ રસ લઈ આજ ડિરેક્ટર તરીકે નાગેશ્રીના દેવુભાઈ કિરણભાઈ વરુ ની આજરોજ બેઠકમાં નિમણૂક કરવામાં આવી હતી દિલીપભાઈ સંઘાણી પરિવાર જુના સંબંધો જાળવી રાખવા સારા નરસા પ્રસંગોમાં ક્યારેય ભૂલતા નથી આમ આજનો પ્રસંગ જોઈએ તો સ્વ પ્રતાપભાઈ વરુ સાથે પણ ખૂબ જ સારા સંબંધો હતા જે સંબંધો કાયમી નિભાવે છે અગાઉ પણ તુલસીશ્યામ ખાતે પ્રતાપભાઈ વરૂ ની તિથિ માં પણ ખાસ ઉપસ્થિત હતા તે સંબંધોમાં ક્યારેય ભૂલતા નથી તેનો ઉત્તમ દાખલો આજનો કહીએ પણ ચાલે સ્વ પ્રતાપભાઈ વરુ ન હોવા છતાં આજે નિમણૂકથી સમગ્ર કાઠી ક્ષત્રિય સમાજના સહકારી અગ્રણીઓ શ્રી ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી માજી તાલુકા પંચાયતના પ્રમુખ ગૌતમભાઈ વરુ માર્કેટિંગ યાર્ડના પ્રમુખશ્રી જીગ્નેશભાઈ તથા જિલ્લા બેંકના ડિરેક્ટર શ્રી દાદભાઈ વરુ તથા જિલ્લા સંઘના ડિરેક્ટર શ્રી હસુભાઈ વરુ તથા કારોબારી ચેરમેન શ્રી અનિરુદ્ધભાઈ વાળા ભીમભાઈ વરુ તથા ભોળાભાઈ વરુ વાવેરા મંડળીના પ્રમુખ હનુભાઈ ધાખડા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ તથા મનુભાઈ વડલી આ વરણી કરવા બદલ શ્રી દિલીપભાઈ સંઘાણી મનીષભાઈ સંઘાણીનો આભાર વ્યક્ત કર્યો હતો

# કંપનીઓ મનફાવે તેમ નોકરીમાંથી કાઢી ન શકે : હાઇકોર્ટ

અમદાવાદ, ઘણીવાર આપણે જોતા હોઈએ છીએ કે, કર્મચારી ઘણાં વર્ષોથી એક કંપનીમાં કામ કરતો હોય છે. જોકે, કોઈકને કોઈક વાતો બોસ કે મેનેજમેન્ટ સાથે ખટરાગ થાય તો તેને તાત્કાલિક નોકરીમાંથી તગેડી મુકવામાં આવતો હોય છે. કાલથી ના આવતા એવું કહીને તેને ઘરે કાઢી મુકવામાં આવે છે. પરંતુ આ પ્રકારનું વર્તન બિલકુલ યોગ્ય નથી. અને તેની નહીં ચલાવી લેવાય. તેના માટે ગુજરાત હાઈકોર્ટે કર્મચારીઓના હક્કમાં એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કર્મચારીને માંદગીના કારણોસર નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. જેને હાઈકોર્ટે ગેરકાયદેસર અને અયોગ્ય ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છેકે, કર્મચારીને કાઢી મુકવામાં આવતા આ મુદ્દે કંપની સામે પરિવાર દ્વારા કેસ કરવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના એક મૃતક કર્મચારીની વિધવાને ?૫ લાખનું વળતર આપવાનો ચુકાદો આપ્યો છે.

# અમરેલીના તરવડા ગુરુકુલમાં વિશ્વ યોગદિવસ ઉજવાયો

**ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા તાલુકા કક્ષાના કાર્યક્રમમાં વિવિધ યોગ મુદ્રાઓ રજુ કરાઈ**



અમરેલી,

વિશ્વ યોગ દિવસ નિમિત્તે અમરેલી તાલુકા કક્ષા યોગ દિવસની ઉજવણી તરવડા સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે થઈ હતી. આ કાર્યક્રમમાં સંતો, મહાનુભાવો તથા વિદ્યાર્થીઓએ યોગ દિન ઉજવણીમાં ભાગ લીધો હતો. ગુરુકુલના વિશાળ પ્રાંગણમાં વિદ્યાર્થીઓએ વિવિધ યોગ મુદ્રાઓ પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે તરવડા ગુરુકુલના સંચાલક શ્રી પુરાણી કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં ભારતીય સંસ્કૃતિમાં યોગનું મહત્વ જણાવ્યુ હતુ. અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ અને ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી એવા શ્રી કિશોરભાઈ કાનપરિયા અને અમરેલી તાલુકા મામલતદાર શ્રી એમ. નિમાવતે, યુવાનોને યોગને જીવનશૈલીમાં અપનાવવા અને યોગાસન થકી એકાગ્રતા કેળવી શકાય તે બાબતે પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં અમરેલી તાલુકા વિકાસ અધિકારીશ્રી ડી. એચ. પંડ્ય, અમરેલી તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ શ્રી વનરાજભાઈ કોઠીવાળ, તાલુકા પંચાયત દંડક શ્રી આશિષભાઈ અકબરી, અમરેલી તાલુકા પંચાયત સદસ્ય શ્રી રાજુભાઈ કાછડિયા, શ્રી કમલેશભાઈ રાવલ, યોગશિક્ષક શ્રી સુમિતભાઈ કાલરિયા, અધિકારીઓ શ્રી, પદાધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.


**ગીર ગાય વેચવાની છે**



અમરેલીમાં ગીર ગાય વેચવાની છે હાલ ગાભણી નથી

સ્થળ : લાઠી રોડ, વૃંદાવન પાર્ક, અમરેલી

સંપર્ક : મો.૯૯૨૪૨ ૮૬૮૯૧

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ



મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ

ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે**

અમરેલીમાં ચક્કરગઢ રોડ ઉપર સંકુલની પાસે ક્રિષ્ના પાર્કમાં 2BHK મકાન જેમાં પાણીનો દાર, ફોરવ્હીલ પાર્કિંગ સહિત તમામ સુવિધા ધરાવતુ કોર્નરનું મકાન વેચવાનું છે

સંપર્ક : ૮૭૫૮૦ ૯૩૦૩૦, ૮૭૫૮૭ ૯૩૦૩૦

**જમીન વેચવાની છે**

કેરીયાનાગસ ગામની અંદર ૫ વસા જમીન, ગોડાઉન લાયક ૧૦૦ X ૨૦ બાંધકામ સાથે સંપુર્ણ ટાઇટલ કલીયર

નોંધ : દલાલ ભાઇઓ આવકાર્ય

સંપર્ક : મો.૯૯૨૫૨ ૬૪૯૨૯

**ધારીમાં વહેંચવાનું છે**

(૧) સારો ધંધો હેતુ ૧૬ રૂમનું ગેસ્ટહાઉસ.
(૨) દુકાનો નંગ - ૮ વહેંચવાની છે.
(૩) પ્લોટીંગની આખી પ્રિન્ટ - બિલ્ડરો માટે, રોકાણકારો માટે, રહેણાંકના પ્લોટ.
(૪) અજન્તા સો. માં બંગલો તથા પ્લોટ નંગ - ૩ વહેંચવાના છે.

મો.નં. ૯૪૨૬૯ ૨૭૦૬૧

॥ શ્રી હરિ ॥

**ચાલો હરિદ્વાર શ્રીમદ ભાગવત કથા**

તા.૨૧-૧૦-૦૨૪ થી તા.૨૭-૧૦-૦૨૪

સંપર્ક : મહેતા ઘનશ્યામભાઇ - ભુદેવ

મો.નં.૯૯૭૪૮ ૦૬૩૬૫

### દસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પાવન પર્વ નિમિતે સાંસદશ્રી રૂપાલા ઉપલેટા ખાતે યોગ દિવસની ઉજવણીમાં સહભાગી

# શ્રી મોદીએ વિશ્વમાં યોગને નવી ઓળખ આપી : શ્રી રૂપાલા

**દસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે ઉપલેટા ખાતે સામુહિક યોગાભ્યાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શ્રી પરશોતમ રૂપાલાએ યોગ કર્યા : યોગાભ્યાસમાં કર્મચારીઓ પણ જોડયા**

**યોગ ઋષિ પરંપરાની અમુલ્ય ભેટ છે, જે માનસિક અને આધાત્મિક ઉન્નતી સાથે શરીરને સ્વસ્થ પણ રાખે છે : યોગાભ્યાસ નિયમિત જીવનમાં હિસ્સો હોવો જોઇએ : શ્રી રૂપાલા**



અમરેલી,
દસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં રાજકોટના સાંસદશ્રી પરશોતમભાઈ રૂપાલા પણ સહભાગી બન્યા હતાં. દસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે સામુહિક યોગાભ્યાસ કાર્યક્રમમાં રાજકોટના સાંસદશ્રી પરશોતમભાઈ રૂપાલાએ સામુહિક યોગ અભ્યાસ કાર્યક્રમમાં સામેલ થઈ યોગ કર્યા હતાં. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વિશ્વમાં યોગને નવી ઓળખાણ આપી છે. તે યોગ ભારતની ઋષિ પરંપરાના અમુલ્ય ઉપહાર છે. જે માનસિક અને આધ્યાત્મિક ઉણંતી સાથે શરીરને પણ સ્વસ્થ રાખે છે. દરેક વ્યક્તિએ યોગાભ્યાસ પોતાની નિયમિત દિનચાર્યાનો ભાગ બનાવો જોઈએ તેમ રાજકોટના સાંસદશ્રી પરશોતમભાઈ રૂપાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું. ઉપલેટા ખાતે સામુહિક યોગાભ્યાસ કાર્યક્રમમાં વિવિધ કર્મચારીઓ અને પદાધિકારીઓ સહિત જોડાયા હતાં અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### એસપીશ્રી હિમકરસિંહની સુચના અને માર્ગદર્શનમાં

# ચિતલનાં ખુનના ગુનામાં જેલમાંથી આઠ વર્ષ પહેલા ફરાર થયેલ કેદીને પકડી પાડતી અમરેલી એલસીબી

**ચિતલનો હરપાલસિંહ સરવૈયા રાજકોટ મધ્યસ્થ જેલમાંથી હાઇકોર્ટના હુકમના આધારે વચગાળાના જામીન ઉપર મુક્ત થઇ ફરાર થઇ ગયો હતો**



અમરેલી,
અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા અમરેલી તાલુકા પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૧૪૩/૨૦૧૧, આઈ.પી.સી. કલમ ૩૦૨, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે કાચા કામના કેદી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે તા.૨૭/૦૧/૨૦૧૬ ના વચગાળાના જામીન ઉપર મુક્ત થયેલ હોય અને મજકુર કેદીને તા.૨૯/૦૨/૨૦૧૬ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ તે જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયેલ હોય, મજકુર કેદીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગઈ કાલ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ આરોપી હરપાલસિંહ અજીતસિંહ સરવૈયા, ઉ.વ.૩૯, રહે.ચીતલ, ભુજ ખાતેથી પકડી પાડેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઈ.શ્રી એમ.બી.ગોહિલ તથા પો.સ.ઈ. સુ.શ્રી કે.એમ.પરમાર તથા એલ.સી.બી.ટીમના એ.એસ.આઈ. જાવેદભાઈ ચૌહાણ, મહેશભાઈ સરવૈયા, ભગવાનભાઈ ભીલ તથા પો. હેડ અજયભાઈ સોલંકી, મનીષભાઈ જાની, કિશનભાઈ આસોદરીયા, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. ઉદયભાઈ મેણીયા, રાહુલભાઈ ઢાપા દ્વારા કરવામાં આવેલ છે.

### અસામાજીક પ્રવૃતિ કરનાર બહારના જિલ્લાનાં લુખ્ખાઓ સામે એલસીબીની કડક કાર્યવાહી

# અમરેલી જિલ્લામાં દારૂનો ધંધો કરવા આવેલા ઉના પંથકનાં શખ્સને પાસામાં ધકેલી દેવાયો

**એસપીશ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં કરાયેલી પાસાની દરખાસ્ત કલેકટરશ્રી અજય દહીયાએ મંજુર કરતા દારૂના વેપારીને સુરત જેલમાં મોકલી દેવાયો**



અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર-ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃતિ કરતાં પ્રોહીબીશન બુટલેગર ઈસમો તથા પ્રોહિબીશનના ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો સામે કડકહાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ નાઓએ અમરેલી જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમ ભરતસિંહ રાજાભાઈ પરમાર, ઉ.વ.૨૯, રહે.મોઠા, તા.ઉના, જિ.ગીર સોમનાથ વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીને મોકલી આપેલ.પ્રોહી.ની પ્રવૃતિ કરતા ઈસમની સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અજય દહિયા સાહેબનાઓએ ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી વલગ વેદ્ય સાહુબ નાઓની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ તથા એલ.સી.બી. ટીમ દ્વારા રાજાભાઈ પરમારને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, સુરત ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી વલગ વેદ્ય સાહેબ નાઓની સુચના માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ તથા વુ.હેડ કોન્સ. દયાબેન જસાણી તથા પો.કોન્સ. રમેશભાઈ સીસારા દ્વારા કરવામાં આવેલ છે.

## લાઠી પાલિકા દ્વારા કરાવાતી પ્રશંસનિય સુંદર કામગીરી

**સફાઇ કામદારોને બિરદાવતી લાઠીની નગરપાલિકા**



લાઠી, (વિશાલ ડોડીયા) ગુજરાત સરકારના પરિપત્ર મુજબ અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં નગરપાલિકા દ્વારા સફાઈ પખવાડાની ઉજવણી અંતર્ગત ચીફ ઓફિસર નિકુંજ વોરા નાં માર્ગદર્શન દેખરેખ અને સૂચના મુજબ સેનેટરી ઈન્સ્પેકટર અને યોગ્ય રીતે સફાઈ થાય તે માટે જરૂરી સુચના તેમજ તમામ વિસ્તારમાં કચરો ન રહે એવી કાળજી રખાવી સફાઈ કામદારો ભાઈઓ - બહેનોએ પૂરી નિષ્ઠા અને પ્રમાણિકતાથી સફાઈ કામગીરી કરી આજે શનિવારે કાર્યક્રમ અંતર્ગત સફાઈ પખવાડાની ઉજવણી કરવામાં આવી હતી.

# અમરેલી શ્રીમતી એસ એચ ગજેરા કેમ્પસમાં ૧૦માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઇ

**રાજયોગ મેડીટેશન તેમજ વ્યસન મુક્ત ભારત બનાવવાનો સંકલ્પ લેવાયો**



અમરેલી,
શ્રીમતી એસ ગજેરા વિદ્યાસભા કેમ્પસમાં આજરોજ ૧૦માં વિશ્વ યોગ દિનની ઉપસ્થિત મહેમાનો, વિદ્યાર્થીભાઈ-બહેનો અને સ્ટાફ ૩૬૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ની વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિમાં ભવ્ય અને જોમ-જુસ્સા સાથે ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વમાં વર્ષ ૨૦૧૫ થી ભારતીય સંસ્કૃતિના મહાન વારસાને વિશ્વ દેશોએ સ્વીકાર્યો યોગ એ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે અનંત છે. માણસનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને લાંબુ જીવન જીવી રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપે તેવી ભાવનાથી ઋષિઓએ યોગની શિક્ષા આપી હતી. તન મન અને બુદ્ધિને શક્તિશાળી અને મજબૂત બનાવી સુખ શાંતિ પ્રસન્નતા થી જીવન જીવી અન્ય માટે પ્રેરણા બની રહે તેવી શુભ ભાવનાઓ આ યોગ પાછળ રહેલી જુદી જુદી પ્રકારના આસનો પ્રાણાયામ ની ક્રિયાઓ નિયમિત કરવાથી શરીર અને મન તંદુરસ્ત બને છે. એકાગ્રતા અને યાદશક્તિ વધે છે. જીવનમાં પોઝિટિવ એનર્જીનો સંચાર થાય છે. શાળાના યોગ દિવસ શિક્ષકો દ્વારા કોમન યોગા પ્રોટોકોલ અભ્યાસથી યોગ આસનો તથા પ્રાણાયામ કરાવ્યા હતા. બ્રહ્માકુમારી કિંજલ દીદી એ મન અને બુદ્ધિની શાંતિ માટે નું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને મનની એકાગ્રતા માટે ધ્યાન યોગા કરાવ્યા હતા તેમજ વ્યસન મુક્તિ માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉદબોધન કરતા કેમ્પસ ડાયરેક્ટર શ્રી પેથાણી દ્વારા જણાવ્યું હતું કે તમામ બાળકો નિયમિત યોગા પ્રાણાયામ ધ્યાન દ્વારા માનસિક રીતે મજબૂત બને તંદુરસ્ત રહે અને એક શ્રેષ્ઠ બની શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરવામાં હર હંમેશ કટિબંધ રહે યોગ દિવસની ઉજવણીમાં બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય માંથી કિંજલ દીદી અને અર્ચના દીદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ આમંત્રિત એલ પી સી ટીના પ્રમુખશ્રી દિનેશભાઈ ભુવા ગોપાલભાઈ કચ્છી રાજેશભાઈ મેહુલભાઈ બાબરીયા સંસ્થાના મંત્રીશ્રી ચતુરભાઈ કુંઢ અને કેમ્પસ ડાયરેક્ટર શ્રી વસંતભાઈ પેથાણી યોગા પ્રોટોકોલ અભ્યાસમાં જોડાયા હતા. પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા કાર્યક્રમમાં જોડાયેલા તમામ સ્ટાફ સ્ટુડન્ટને અભિનંદન પાઠવેલા હતા

# કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની શુભેચ્છા મુલાકાતે ભાજપના નેતા શ્રી પ્રીતેષ ગાંધી

**છત્તીસગઢની પરંપરા મુજબ અંગ વસ્ત્ર ભેટ આપી શુભકામના પાઠવી**



અમરેલી,
કેન્દ્રીય મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે ભાજપના નેતા શ્રી પ્રીતેષ ગાંધીએ મુલાકાત કરી હતી. છત્તીસગઢની પરંપરા મુજબ અંગ વસ્ત્ર ભેટ આપી મંત્રી બનવા બદલ શુભકામના પાઠવી હતી ભારત સરકારના માનવ સંશોધન અને વિકાસ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાનની આજે દિલ્લી નિવાસસ્થાને આત્મીય મુલાકાત કરી હતી અને અંગ વસ્ત્ર ભેટ આપી મોદિ કેબીનેટના મંત્રી બનવા બદલ શુભકામનાઓ સાથે માર્ગદર્શન થી પ્રદેશ ભાજપના શ્રી પ્રીતેષ ગાંધી પ્રભાવીત થયા હતા.

# ધારીમાં પાક સંગ્રહ સ્ટ્રકચરના ફોર્મ ભરવાની કામગીરીઓ શરૂ

**સ્માર્ટફોન, ગોડાઉન, પાણીનો ટાંકો ખેડૂતોને અપાશે**

ધારી,
ધારી જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી પરેશ પટ્ટણી દ્વારા લોકલાડીલા ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયાના આદેશથી તારીખ ૧૮ ૬ ૨૦૨૪ મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યા થી ગુજરાત સરકારની યોજના પાક સંગ્રહ સ્ટ્રક્ચર ના વિનામૂલ્યે ફોર્મ ભરવામાં આવશે ધારી તાલુકાના દરેક ખેડૂત ભાઈઓએ માર્કેટિંગ યાર્ડ બજરંગરૂપ કાર્યાલય દુકાન નંબર ૮ જરૂરી ડોક્યુમેન્ટ સાથે હાજર રહેવું સાથે લાવવાના જરૂરી ડોક્યુમેન્ટ ૧ આધાર કાર્ડ ૨ રેશનકાર્ડ ૩ બેંકની પાસબુક જમીન ખાતા નંબર૫ મોબાઈલ નંબર સાથે લાવવાના રહેશે ખેતીવાડી યોજના ૨૦૨૪ / ૨૫ સ્માર્ટફોન. પાક સંગ્રહ ગોડાઉન. પાણીનો ટાંકો આ યોજનાનો ખેડૂતોને લાભ મળશે ધારી તાલુકાના કોઈપણ ખેડૂત મિત્રોને પીએમ કિસાન નિધિ વીજળી કનેક્શન સહિત ના કોઈપણ પ્રશ્નો હોય અને કોઈપણ સરકારી યોજનાઓ માટે સંપર્ક કરો પરેશ પટ્ટણી ૯૪૨૭૪ ૨૮ ૬૦૬, જિલ્લા કિસાન મોરચા મહામંત્રી ધર્મેન્દ્ર લહેરૂ ૯૪૨૭૨ ૮૩ ૫૦૪, જિલ્લા કિસાન મોરચા મીડિયા ઈન્ચાર્જ તેજસભાઈ ભટ્ટ ૯૯૦૯૧ ૬૦૫૦૪ કાર્યાલય મંત્રીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# બગસરા ભુતનાથ ફીડર નીચે આવતા વિસ્તારમાં કાયમી વિજ ધાંધીયા

**છાશવારે વિજળી જતી રહેતા યોગ્ય નહીં થાય તો પીજીવીસીએલ કચેરીને ઘેરાવ કરવા ચિમકી**

બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરા શહેરના ભૂતનાથ ફિડર નીચે આવતા અર્બન વિસ્તારમાં રાત્રિના સમયે અનેક વખત વીજ પુરવઠો કાપવામાં આવે છે આજરોજ દિવસના ૧૨:૦૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી વીજ પુરવઠો કાપી નાખવામાં આવતા લોકોમાં રોસ જોવા મળી રહ્યો છે હાલ વધુ પડતી ગરમીના કારણે નાના બાળકો તેમજ વૃદ્ધ લોકો અને બીમાર લોકો માટે મુશ્કેલી ઊભી થઈ હોય જેના કારણે લોકોમાં પણ રોશની લાગણી જોવા મળી રહી છે દર ગુરુવારે લાઈટ કાપ આપીને લાઈન મેન્ટેનન્સની કામગીરી કરવામા આવતી હોવા છતાંપણ યોગ્ય લાઈન મેન્ટેનન્સ થતું ન હોવાના કારણે રાત્રિના સમયે તેમજ દિવસના સમયે અનેક વખત વીજળી આવી જાવ કરતી જોવા મળી રહે છે જેને કારણે નાના-મોટા ઉદ્યોગો પણ રોશનો ભોગ બનતા જોવા મળી રહ્યા છે આથી લાગતા વળગતા પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા યોગ્ય કરવામાં નહીં આવે તો શહેરી લોકોમાં પીજીવીસીએલ કચેરીએ ઘેરાવો કરવાની ફરજ પડશે.


**નાયબ કલેક્ટર અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી બગસરા**

નં. એમએજી/વશી/રજી.નં.૪૯/૨૪
તા.૧૨/૦૬/૨૦૨૪

અરજદાર :- શ્રી ભુત લાભુબેન પોપટભાઈ રહે.શાપર, તા.બગસરા
અરજદારના વિ.વ.શ્રી એમ.એસ.ચાવડા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી કુંકાવાવ ગ્રામ પંચાયત તા.બગસરા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રહીશ શ્રી ભુત લાભુબેન પોપટભાઈની પુત્રી શ્રી મનિષાબેન પોપટભાઈ ભુતનો જન્મ તા.૧૪-૧૧-૧૯૭૫ નાં બગસરા તાલુકાના શાપર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧-૦૭-૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
બગસરા



મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૧૨૯-૨૦૨૪............મુ.તા.૨૫-૦૭-૨૦૨૪
અરજદાર : દયાબેન જેન્તીભાઈ ઉર્ફે ચીપરભાઈ પરમાર રહે.શાણા વાંકીયા, તા.ગીર ગઢડા, જી. ગીર સોમનાથ
અરજદારના વિ.વ.શ્રી ડી.બી.જોષી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી રબારીકા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્રી આરતીબેનનો જન્મ તા.૦૭-૦૫-૨૦૦૨ નારોજ ગામ રબારીકા તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ અરજદારની પુત્રીના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૫-૦૭-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૨૦-૦૬-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઇમ્સ
તા.૨૨-૦૬-૨૦૨૪ શનિવાર

# કિમ જોંગ ઉન, જિનપિંગ અને પુતિનની ખતરનાક ત્રેખડ દુનિયાને કોઈ ભેદી ભેખડ સાથે અથડાવશે

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ૨૪ વર્ષના સમયગાળા બાદ ઉત્તર કોરિયાની મુલાકાતે માત્ર આશ્ચર્ય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય વર્તુળોમાં ચિંતા પણ વધારી દીધી છે. આ મુલાકાતે બંને દેશો વચ્ચે વધતી નિકટતાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે, પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે આ નિકટતામાંથી કયા પ્રકારના તાત્કાલિક અને લાંબા ગાળાના પરિણામો આવી શકે છે.

પુતિનની આ મુલાકાતને આંતરરાષ્ટ્રીય વર્તુળોમાં ફેલાયેલી એવી માન્યતાને ખોટી સાબિત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે કે તેઓ વિશ્વ મંચ પર એકલા પડી રહ્યા છે. આ મુલાકાત એવા સમયે થઈ છે, જ્યારે થોડા દિવસ પહેલાં ઈટાલીમાં જી-સેવન સમિટ પછી સ્વિટ્ઝર્લેન્ડમાં યુક્રેન શાંતિ પરિષદમાં ૮૦ દેશોએ સંયુક્ત નિવેદનના રૂપમાં શાંતિ ઠરાવ પર હસ્તાક્ષર કર્યા હતા. જો કે, ભારત પોતાનું સ્વતંત્ર અને સંતુલિત વલણ જાળવીને તે પ્રસ્તાવથી અલગ રહ્યું હતું.

ઉત્તર કોરિયા પહોંચ્યા બાદ પુતિનનું જે રીતે જાજરમાન અને ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું અને એરપોર્ટ પર જે રીતે કિમ જોંગ ઉન પોતે તેમને લેવા ગયા બાદ એક જ કારમાં તેમની સાથે જ ગેસ્ટ હાઉસમાં ગયા હતા તે જોતાં સ્પષ્ટ થાય છે કે પરસ્પર નિકટતાને રેખાંકિત કરવામાં બંને બાજુથી, કોઈ કસર બાકી ન હતી.

યુક્રેન યુદ્ધ જે રીતે લાંબુ ખેંચાઈ રહ્યું છે તે જોતાં એમ લાગે છે કે રશિયાને ઉત્તર કોરિયાના સહકારની જરૂર છે. બંને પક્ષોએ શસ્ત્રોના વિનિમયના અહેવાલોને નકારી કાઢ્યા હોવા છતાં, તેઓએ એક વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે પુતિનના જણાવ્યા મુજબ, કોઈપણ દેશ પર હુમલાની સ્થિતિમાં 'દ્વિપક્ષીય સહકાર'નું વચન આપે છે.

લાંબા સમયથી વિશ્વ મંચ પર એકલતાનો સામનો કરી રહેલા ઉત્તર કોરિયાના શાસક કિમ જોંગ ઉન માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના કાયમી સભ્ય રશિયાની નિકટતા ઘણી મહત્વપૂર્ણ છે. રશિયાએ ભૂતકાળમાં ઉત્તર કોરિયાનો ગેરકાયદે શાસ્ત્રોનો કાર્યક્રમ અને તત સંબંધિત પ્રતિબંધો અંગે યુએન-સમર્થિત તપાસને સમર્થન આપ્યું છે. પરંતુ યુક્રેન યુદ્ધથી ઉભી થયેલી જરૂરિયાતો અને પશ્ચિમી દેશોથી વધતા અંતરને જોતા તેનું વલણ બદલાયું છે.

માર્ચમાં, રશિયાએ ઉત્તર કોરિયા દ્વારા સુરક્ષા પરિષદના પ્રતિબંધોના ઉલ્લંઘનની સ્વતંત્ર તપાસની માંગ કરતા ઠરાવને વીટો વાપરીને અટકાવ્યો હતો. આવી સ્થિતિમાં, દરેકના મનમાં એક પ્રશ્ન સતાવી રહ્યો છે કે રશિયા તરફથી મળેલી તકનીકી સહાય ઉત્તર કોરિયાના સરમુખત્યારની યોજનાઓને શું દિશા આપશે. ધ્યાનમાં રાખો, અત્યાર સુધી ચીન એકમાત્ર એવો મોટો દેશ છે જે ઉત્તર કોરિયાના સમર્થનમાં ઊભો જોવા મળ્યો છે. હવે એમાં રશિયા પણ પડખે ચડતા દુનિયાના ત્રણ ખતરનાક તાનાશાહોની ત્રિપુટી રચાઈ ગઈ છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બુધવારે સવારે ઉત્તર કોરિયા પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે વોશિંગ્ટન સાથે વધતા મુકાબલાને પગલે બંને દેશો યુએસની આગેવાની હેઠળના પ્રતિબંધોનો સામનો કરવા નજીકથી સહયોગ કરવા ચાહે છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન પ્યોંગયાંગના એરપોર્ટ પર પુતિનને મળ્યા.

તેઓએ હાથ મિલાવ્યા અને એકબીજાને ગળે લગાવ્યા, અને કિમ પાછળથી પુતિનની કારમાં સાથે ગયા અને વ્યક્તિગત રીતે તેમને પ્યોંગયાંગના કુમસુસન સ્ટેટ ગેસ્ટ હાઉસમાં લઈ ગયા. કોરિયન સમાચાર એજન્સીએ તેમની મીટિંગને એક ઐતિહાસિક ઘટના ગણાવી જે બંને દેશોની મિત્રતા અને એકતાની અજેયતા અને ટકાઉપણું દર્શાવે છે. ૨૪ વર્ષમાં પ્રથમ વખત ઉત્તર કોરિયાની મુલાકાત લઈ રહેલા પુતિને તેમના આગમનના કલાકો પહેલા ઉત્તર કોરિયાના સરકારી મીડિયા દ્વારા પ્રકાશિત ટિપ્પણીઓમાં જણાવ્યું હતું કે તેઓ યુક્રેનમાં તેમની લશ્કરી કાર્યવાહી માટે ઉત્તર કોરિયાના મજબૂત સમર્થનની પ્રશંસા કરે છે. તેમણે કહ્યું હતું કે દેશો ન્યાય, સાર્વભૌમતૃવ માટે પરસ્પર આદર અને એકબીજાના હિતોની વિચારણા પર આધારિત બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થાની સ્થાપનામાં અવરોધ ઉભી કરતી પશ્ચિમી મહત્વકાંક્ષાઓનો સખત વિરોધ કરવાનું ચાલુ રાખશે.પુતિનની મુલાકાત એક શસ્ત્ર ડીલ અંગેની વધતી જતી ચિંતાઓ વચ્ચે આવી છે જેના હેઠળ પ્યોંગયાંગ આર્થિક સહાય અને ટેક્નોલોજી ટ્રાન્સફરના બદલામાં રશિયાના યુદ્ધને વેગ આપવા માટે મોસ્કોને ખૂબ જ જરૂરી શસ્ત્રો પ્રદાન કરી રહ્યું છે, જેનાથી કિમના પરમાણું હથિયારો અને મિસાઈલ કાર્યક્રમથી આ જગત પર ઉત્પન્ન થતા ખતરામાં વૃદ્ધિ થવાની છે.

### લોકસભાની ચૂંટણીમાં સારી કામગીરી બદલ

# અમરેલીના એસપીશ્રી હિંમકરસિંહનું સન્માન કરાયું

## ડિસ્ટ્રીકટ બાર એસો.ના સેક્રેટરી શ્રી જે.આર. વાળા દ્વારા સન્માન



અમરેલી,

ગત લોકસભાની સામાન્ય ચૂંટણીમાં જિલ્લાભરમાં કાયદો વ્યવસ્થા સાથે સારી કામગીરી કરનાર અને લોકોની સેવા માટે તત્પર અમરેલીના એસપી શ્રી હિંમકરસિંહનું અમરેલી જિલ્લા બાર એસો.ના સેક્રેટરી શ્રી જે.આર. વાળાએ સન્માન કર્યુ હતું. અને શ્રી હિંમકરસિંહને બિરદાવ્યા હતાં.

**વડોદરા પોલીસને મળી મોટી સફળતા : એસોજીની ટીમે એક વ્યક્તિને હેરોઇનનાં જથ્થા સાથે ઝડપી લીધો**

## ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૨.૬.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ જેઠ સુદ પૂનમ, મૂળ નક્ષત્ર ,શુક્લ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.

### શનિ પોતાની મૂળ ત્રિકોણ રાશિ કુંભમાં જ વક્રી થવા જઈ રહ્યા છે!

મંદ ગતિએ ચાલતા ન્યાયના દેવતા, કર્મ મુજબ ફળ આપતા શનિ મહારાજ ૩૦ જૂનથી પોતાની મૂળ ત્રિકોણ રાશિ કુંભમાં જ વક્રી થવા જઈ રહ્યા છે જે ૧૫ નવેમ્બર સુધી વક્રી રહેશે!! શાસ્ત્ર મુજબ વક્રી ગ્રહ વધુ બળપૂર્વક પરિણામ આપે છે તેમાં પણ શનિ મહારાજ વક્રી બને છે ત્યારે કડક પગલાં લઈ સમજાવે છે! શનિ મહારાજના વક્રી થતા લેબર કોર્ટો કડક ચુકાદા આપતી જોવા મળશે તો અનેક કર્મચારી સંગઠન અને મજદૂર સંગઠન સક્રિય થતા અને આંદોલન કરતા જોવા મળશે આ સમયમાં રોજગારીનો પ્રશ્ન વ્યાપક રીતે જોવા મળશે અને મોટી કંપનીઓ કર્મચારીની છટણી કરતી જોવા મળશે વળી આ સમયમાં મોટી કંપનીઓના આર્થિક કૌભાંડો બહાર



આવશે જે એક યા બીજી રીતે શેરબજારને પણ આહત કરતા જોવા મળશે વળી આ સમયમાં ટેક્સ બાબતે નવા નિયમ આવશે અને સરકાર ટેક્સ બાબતે કડક પણ જોવા મળશે.શનિ રાજનીતિના કારક છે માટે રાજકીય બાબતોમાં પણ ધરખમ ફેરફાર જોવા મળશે અને દક્ષિણના રાજ્યોમાં આ ગતિવિધિ વધુ જોવા મળશે તો મહારાષ્ટ્રના રાજકારણમાં અચાનક મોટા ફેરફાર આવશે વળી કેન્દ્ર સરકાર માટે પણ ચિંતાનો વિષય બનશે! આ સમયમાં વિશ્વમાં ઘણી જગ્યાએ સ્વયંભૂ આંદોલન થઈ શકે છે તો વિશ્વમાં બે ભાગમાં વહેંચતા જોવા મળશે જે યુદ્ધની દ્રષ્ટિએ ચિંતાનો વિષય બની શકે છે! સમુદ્રમાં ખાસ કરીને યુદ્ધપોતની તૈનાતી વધશે અને ઘર્ષણ વધશે!

મેષ (અ,લ,ઈ) : ભાગ્ય ની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
વૃષભ (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે,અટકેલા કાર્ય પૂર્ણ કરી મધ્યમ રહે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો,દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
કર્ક (ડ,હ) : શત્રુઓ થી સાવધાન રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે,અંગત લોકોમાં મતભેદ રહી શકે .
સિંહ (મ,ટ) : સંતાન અંગે સારું રહે,અંગત સંબંધો સુધારી શકો,મનની વાત વ્યક્ત કરી શકો,શુભ
કન્યા (પ,ઠ,ણ) : જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
તુલા (ર,ત) : નોકરિયાતવર્ગને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નવા કાર્ય માં લાભ મેળવી શકો.
વૃશ્ચિક (ન,ય) : આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): મદદ મળી રહે,કામકાજ માં સફળતા મળે,દિવસ પ્રગતિકારક રહે.
મકર (ખ,જ) : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી,બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું,વધુ વિશ્વાસે ના ચાલવું.
કુંભ (ગ,સ,શ ) :સગા સ્નેહી મિત્રો થી સારું રહે,કાર્ય માં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
મીન (દ,ચ,ઝ,થ): નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# અમરેલી કપોળ વણિક જ્ઞાતિના કુળદેવી વેરાઇ માતાના મંદિરમાં ચોરી

## વેરાઈ માતાના મંદિરમાંથી પુજારી સાડા દસ કિલો ચાંદી રૂપીયા ૭૩,૫૦૦ની ચોરી કરી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જુની જેલ પાસે આવેલ કપોળ વણિક જ્ઞાતિના કુળદેવીશ્રી વેરાઈ માતાના મંદિરમાં સેવા પુજા કરતાં પુજારી ચિરાગપરી હુલ્લાસપરી ગૌસ્વામી મુળ ત્રાકુડા તા.ખાંભા તા. ૨૫-૫થી ૨૦-૬ દરમ્યાન નિજ મંદિરમાં સાડા દસ કિલો ચાંદીની ખોળ રૂા.૭૩,૫૦૦ની ચોરી ગયાની જીજ્ઞેશભાઈ મધુભાઈ પારેખે અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એચ.જી મારૂ તપાસ ચલાવી રહ્યા છે.

### ચુલો ભાંગી નાખવા પ્રશ્ને

# ધારીના ડાંગાવદરમાં બે કુટુંબીઓ વચ્ચે મારામારી

## પાઇપ, કુહાડીની મુંધરાટી વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

ધારી તાલુકાના ડાંગાવદર ગામે મહેન્દ્રભાઈ રામજીભાઈ ચાવડા ઉ.વ.૩૦નો ચુલ્લો મળતો નહોય જે ચુલો ચારેક વાગ્યે ફરજા પાસે જોઈ ગયેલ જે ઉંચકવા જતાં ભાગી ગયેલ અને થોડીવાર પછી મહેન્દ્રભાઈનો નાનોભાઈ સંજય રામજીભાઈ ચાવડા આવી જઈ કહેવા લાગેલ કે મારો ચુલો કેમ ભાંગી નાખ્યો જેથી કહેલ કે આ ચુલો મારો છે. જેથી ઉશ્કેરાઈ ગાળો બોલી ડાબા હાથના ખંભા ઉપર પાઈપ વડે મારમારી ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે લાભુબેન રામજીભાઈ ચાવડા ઉ.વ.૫૦ એ ચુલો ભાંગી નાખવા પ્રશ્ને ઠપકો આપવા જતાં મહેન્દ્ર રામજીભાઈ ચાવડાએ ગાળો બોલી ડાબા હાથે કુહાડીની મુંધરાટી વડે મારમારી ઈજા કરી ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના ગઢીયા ગામે મકાનમાં તસ્કરો ત્રાટકયા

## સોનાના ચાંદીના દાગીના મળી રૂા.૪૨,૯૦૦ના મુદામાલની ચોરીની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

ધારી તાલુકાના ગઢીયા ગામે રહેતા પ્રવિણભાઈ ઈશુભાઈ ધાખડાના રહેણાંક મકાનમાં કોઈ તસ્કરોએ પ્રવેશી સુટકેશમાંથી ચાવી લઈ લોખંડના કબાટની તિજોરીનું તાળુ ખોલી રોકડ રૂા.૭ હજાર, એક સોનાનું પેન્ડલ રૂા.૧૦,૦૦૦ તથા એક સોનાની સર રૂા.૨૫,૦૦૦ ચાંદીના છડા રૂા.૬૦૦, ચાંદીની બે કડલી રૂા.૩૦૦ મળી કુલ રૂા.૪૨,૯૦૦ની ચોરી કરી લઈ ગયાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠીના ટોડા ગામે મહિલા ઉપર હુમલો

## એક મહિલા સહિત બેએ લાકડી વડે મારમારી ફેકચર કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

લાઠી તાલુકાના ટોડા ગામે દુધાળા જવાના રસ્તા ઉપર જસુબેન જેન્તીભાઈ ચારોલીયા ઉ.વ.૨૮ પોતાના ઝુપડે તેના પતિ સાથે હાજર હોય ત્યારે લવીંગ માનસિંગભાઈ ચારોલીયા, મંજુબેન મગનભાઈ માથાસુડીયા પતિની ખબર કાઢવા આવેલ હોય. તે દરમ્યાન લવીંગે જશુબેનને કહેલ કે છ મહિના પહેલા તે સોનાના દાગીના મગનભાઈ હરજીભાઈને આપી દીધા છે. જેથી તું અમારે જોયતી નથી તેવું કહી ગાળો બોલી લાકડી વડે જમણા કાંડા ઉપર ડાબા પગની પીંડી ઉપર મારમારતા નીચે પડી જતાં મંજુબેનને લવીંગ પાસેથી લાકડી લઈ મંજુબેનને બરડાના ભાગે ડોક પર અને કમરના ભાગે મુંઢ મારમારી જમણા હાથના કાંડાભાગે ફેકચરી કરી ગુનો કર્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### છોકરીના પ્રેમસંબધમાં વાંધો ચાલતો હોય તે તકરારના કારણે

# લાઠીના ઝરખીયા ગામે બે જુથ વચ્ચે ધિંગાણુ

## કુહાડી, છરી, ફાયબર પાઇપ વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

લાઠી તાલુકાના ઝરખીયા ગામે રહેતાં સાગરભાઈ જગાભાઈ ચારોલીયા ઉ.વ.૨૪ની બહેનને એકાદ વર્ષ પહેલા સુરેશ છગનભાઈ માથાસુડીયા સાથે પ્રેમ સંબધ હોય. જે અંગેની જાણ ઘરના સભ્યોને થઈ જતાં સાગરભાઈ તથા આરોપીના પરિવારના સભ્યોને બોલાચાલી થયેલ હોય. જે અંગે આજ દિન સુધી કોઈ સમાધાન થયેલ ન હોય અને સાગરભાઈના પિતા બાવકુ ભુપતભાઈને અડતાળા ગામે મળતા જુના બનાવ અંગે બોલાચાલી થતાં સાગરભાઈના પિતા પરત ઝરખીયા ગામે આવી ગયેલ. જે વાતનું મનદુઃખ રાખી બાવકુ ભુપતભાઈ, બાવલા ભુપતભાઈ, લાલુ ભુપતભાઈ, છગન હરજીભાઈ, સુરેશ છગનભાઈ, પ્રવિણ છગનભાઈ, રાજુ છગનભાઈ માથાસુડીયા રહે. અમરેલી સાવરકુંડલા રોડ, લીલાનગરવાળાએ ઝરખીયા ગામે બોલાવી ગેરકાયદેસર મંડળી રચી કુહાડી, છરી, તથા ફાયબરના પાઈપ જેવા હથિયારો ધારણ કરી સુરેશે સાગરભાઈને માથાના ભાગે કુહાડીનો એક ઘા મારી ૧૧ જેટલા ટાંકા લાવી ગંભીર ઈજા કરી ડાબા હાથે તેમજ શરીરે મુંઢ ઈજાઓ કરી સાગરભાઈના બાને છગને કુહાડીનો એક ઘા માથાના ભાગે મારી ડાબા હાથના ભાગે ટાંકા લાવી ફેકચર આવે તેવી નાની મોટી ઈજા પહોંચાડી ગુનો કર્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે બાવકુભાઈ ભુપતભાઈ માથાસુડીયા ઉ.વ.૨૨ના પરિવારના સભ્યો સાગર જગાભાઈ ચારોલીયા, જગા માવજીભાઈ ચારોલીયા, નરેશ જગાભાઈ ચારોલીયા રહે. ઝરખીયાવાળાએ તથા હરેશ જગાભાઈના જમાઈએ છોકરી અંગે વાંધો ચાલતો હોય બાવકુભાઈ તેના સસરાના ઘરે અડતાળા ગામે આવતા જગા ચારોલીયા ગયેલ હોય અને બાવકુભાઈને જગાએ ગાળો બોલી બાદમાં અડતાળાથી ઝરખીયા ગામે નિકળતા સાગરે કુહાડી વડે માથાના ભાગે મારમારી સાત ટાંકા લાવી ચાલુ ગાડી રોડ ઉપર પછાડી બન્ને પગમાં ગોઠણના ભાગે નાની મોટી ઈજાઓ કરી ચારેય આરોપી ગાળો બોલી ધમકી આપી ગુનો કર્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### લાઇટનું દોરડું લઇ લેવા પ્રશ્ને

# રાજુલાના જાપોદર ગામે યુવાન ઉપર હુમલો

## લાકડાના બડીયા અને ક્રિકેટના બેટ વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

રાજુલા તાલુકાના જાપોદર ગામે રહેતાં પ્રકાશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ ઉ.વ.૨૬ના ઘરની લાઈટનું દોરડુ બાજુના પ્લોટમાંથી આવતુ હોય. અને તેમાં શોર્ટ સર્કિટ થતું હોય જેથી ઉમેશ વિનુભાઈ, રાકેશ દેવાભાઈ ચૌહાણે દોરડુ લઈ લેવા પ્રશ્ને બોલાચાલી કરી ગાળો બોલી લાકડાના બડીયા અને ક્રિકેટ રમવાના ભેટ વડે બંને પગમાં મારમારી મુંઢ ઈજા કરી ગુનો કર્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના ચતુરી ગામના પાટીયા પાસે ટ્રકમાં શોર્ટસર્કિટ સર્જાતા આગ લાગી

## ટ્રક સળગી જતાં રૂા.૧૪,૫૦,૦૦૦નુ નુકશાન થયાનું જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)ખાંભા તાલુકાના ચતુરી ગામના પાટીયા પાસે ઉના તાલુકાના નાંદરખ ગામના કાંતિભાઈ કલાભાઈ સોલંકી પોતોનો ટ્રક જીજે૧૧ ઝેડ ૭૭૩૩નો લઈ અમરેલીથી કોડીનાર જતાં હોતાં. તે દરમ્યાન ખાંભા ગામથી આગળ ચતુરી ગામના પાટીપાસે પહોંચતા ટ્રકમાં અચાનક કોઈ પણ કારણોસર શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગવાથી ટ્રક સળગી જતાં રૂા.૧૪,૫૦,૦૦૦નું નુકશાન થયાનું ખાંભા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલી નજીક નાના માચીયાળામાં પરિણીતાનું ઝેરી દવા પી જતાં મોત

## અગમ્ય કારણો સર ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતી રેખાબેન સુનિલભાઈ બારૈયા ઉ.વ.૨૮ કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ઉંદર મારવાની ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું સુનિલભાઈ શકસુભાઈ બારૈયાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# હિંડોરણા ગામે રહેતી પરિણીતાને ડુંગર અને સુરતમાં ત્રાસ અપાયો

## સાસરીયાઓએ મારમારી ત્રાસ આપી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

રાજુલા તાલુકાના હાલ હિંડોરણા રહેતી રત્નબેન સાગરભાઈ સોલંકી ઉ.વ.૨૧ને તા.૧૦-૧૨-૨૧ થી ૧-૭-૨૩ દરમિયાન ડુંગર, સુરત, અને હિંડોરણા મુકામે અલગ અલગ જગ્યાએ સાગર કિશોરભાઈ સોલંકીએ રત્નબેનને તેના માતા પિતાની સાથે વાત નહીં કરવાની તેવું ઢીકાપાટુનો મુંઢ મારમારી કિશોર ભીખાભાઈ, રસીલાબેન કિશોરભાઈ, મહેશ કિશોરભાઈ સોલંકી રહે. ડુંગર હાલ સુરત વાળાઓએ મેણા મારી અવાર નવાર દુઃખ ત્રાસ આપી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં જુગાર રમતા ૪ મહિલાઓ સહિત ૫ શખ્સોને પોલીસે ઝડપી લીધા

## જુગારના પટ્ટમાંથી રોકડ રૂા.૫૩,૪૦૦નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી સરદાર નગર શેરી નં.૪માં જાહેરમાં હારજીતનો જુગાર રમતા મનિષ જગદિશભાઈ જસાણી, અરૂણાબેન હિંમતભાઈ વાળા, સહેનાજબેન જમાલભાઈ ખોખર, શરદાબેન ભરતભાઈ તલસાણીયા, ભાવનાબેન ઉર્ફે ભાવિકાબેન ભીમાભાઈ ગોહિલને પો.કોન્સ. સલીમભાઈ ભટ્ટીએ રોકડ રૂા.૫૩,૪૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

### મોટા આગરીયામાં યુવતિ ગુમ

અમરેલી,રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામે રહેતી યુવતિ પોતાના ઘરે કોઈને જાણ કર્યા વગર ગુમ થયાનું યુવતિના પિતાએ રાજુલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

### સીમમાં જમીનમાંથી હલાણ કાઢવા પ્રશ્ને

# અમરેલીના શેડુભારમાં પ્રૌઢ ઉપર હુમલો

## ત્રણ શખ્સોએ મારમારી ઇજા કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)અમરેલી તાલુકાના શેડુભાર ગામની સીમાં મનસુખભાઈ નાનજીભાઈ બોદર ઉ.વ.૫૭ની જમીન માંથી તેના કુંટુબીઓને હલાણ કાઢી આપવાનું કહેતાં મનસુખભાઈએ ફરીવાર જમીન માપણી કરવાનું કહેતાં સારૂ નહીં લાગતા ગાલ ઉપર જાપટ મારી ગળાના ભાગે નખ ઉજરડા કરી ઢીકાપાટુ વડે મારમારી ઈજા કર્યા અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદની વારાહસ્વરૂપ પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી



જાફરબાદ,જાફરબાદ તાલુકાની શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળામાં ૧૦માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શાળામાં બાળકો દ્વારા પ્રાણાયામ, વિવિધ યોગાસનો, સૂર્ય નમસ્કા, પી. ટી. ટેબલના વિવિધ દાવો કરવામાં આવ્યા હતા. આ સાથે વકૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. યોગ સંમેલન દરમિયાન શાળાની વિદ્યાર્થિની ગુજરીયા કિંજલબેન ભોળાભાઈ (ધોરણ - ૮) એ વિશ્વ યોગ દિવસની થીમ 'સ્વયં અને સમાજ માટે યોગ' પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં પ્રાર્થના અને યોગ ગીતો રજૂ થયા હતા. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકશ્રી લખનભાઈ જાનીએ પ્રેરક ઉદબોધન આપ્યું હતું. શાળાના શિક્ષીકા બહેન ભૂમિબેન કાચેલા તથા દિલીપભાઈ બાંભણિયા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું હતું. સૌની શારીરિક અને માનસિક સુખાકારીની પ્રાર્થના દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૫૨ થી ૧૫૦૦ મગફળી ૧૦૦૦ થી ૧૨૧૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૧૧-૧૧૮૭
શિંગમોટી-૧૦૦૦-૧૨૧૦
મગ-૧૫૮૩-૧૬૨૪
તલસફેદ-૧૪૦૦-૨૮૦૦
તલકાળા-૨૭૦૦-૩૨૯૦
એરંડા-૮૯૫-૧૦૭૯
ઘઉંટુકડા-૩૬૨-૬૧૫
ઘઉંલોકવન-૪૩૩-૫૭૭
વાલ-૭૯૮-૭૯૮
ચણા-૧૨૫૨-૧૩૧૭
કપાસ-૮૮૨-૧૫૦૦
જુવાર-૩૭૦-૯૧૭
જીરૂ-૨૦૦૦-૫૪૫૦
ધાણા-૧૦૦૦-૧૩૯૧
સોયાબીન-૮૧૮-૮૭૬
મેથી-૧૦૦૦-૧૧૨૬
રાય-૧૦૦૦-૧૨૦૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૩૪૦-૫૬૦
રીંગણા-૩૦૦-૫૦૦
ફલાવર-૪૦૦-૬૦૦
કોબીઝ-૩૫૦-૪૫૦
ટમેટાં-૧૦૦૦-૧૩૦૦
ફોદીનો-૬૦૦-૮૦૦
ગાજર-૫૦૦-૬૦૦
ગલકા-૩૦૦-૪૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૧૨૦૦-૧૬૦૦
દુધી-૩૦૦-૪૦૦
તુરીયા-૬૦૦-૧૦૦૦
ભીડો-૮૦૦-૧૦૦૦
આદુ-૨૪૦૦-૨૬૦૦
કોથમીર-૧૨૦૦-૧૪૦૦
મેથીભાજી-૧૨૦૦-૧૪૦૦
ટીંડોરા-૮૦૦-૧૦૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૮૦
મરચાલીલા-૮૦૦-૧૨૦૦
લસણસુકું-૩૦૦૦-૫૦૦૦
લીંબુ-૬૦૦-૧૦૦૦
પાલક-૫૦૦-૭૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૧૫-૪૭૦
જુવાર-૪૦૨-૮૯૦
ઘઉં-૩૫૦-૬૦૧
તુવેર-૧૭૦૦-૧૭૦૦
ચણા-૧૦૧૬-૧૦૧૬
તલસફેદ-૨૧૦૦-૨૬૫૦
મગ-૧૬૫૦-૧૬૫૦
અડદ-૧૯૬૦-૧૯૬૦
કપાસ-૧૧૫૧-૧૪૮૫
જીરૂ-૩૫૦૦-૫૩૦૧
શીંગદાણા-૧૨૦૦-૧૨૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૨૩૨-૬૨૫
ડુંગળીલાલ-૧૦૫-૬૦૬
ડુંગળીસફ્દે-૧૫૩-૩૨૦
તલસફેદ-૨૧૦૦-૨૬૦૨
તુવેર-૧૫૮૫-૨૧૩૦
અડદ-૧૯૦૦-૨૦૦૪
ચણા-૧૨૪૮-૧૨૭૫
નાળીયેર-૫૦૧-૨૦૦૦
મગ-૧૩૮૦-૧૬૧૬
કપાસ-૧૦૬૬-૧૪૦૦
મેથી-૪૨૦-૧૦૬૨

**બાબરા**
કપાસ-૧૨૮૨-૧૫૨૮
મગ-
ચણા-૧૧૯૪-૧૩૧૬
ઘઉં-૪૮૦-૫૫૦
એરંડા-
જીરૂ-૪૬૩૫-૫૪૭૫
મગફળી-૧૦૭૦-૧૦૯૦
તલસફેદ-૨૩૩૦-૨૪૨૦

બાજરો-

**ધારી**
કપાસ-૧૧૯૫-૧૩૯૬
મગ-૧૩૪૦-૧૬૨૬
તલ-૨૨૯૦-૨૪૫૧
તુવેર-૧૭૮૦-૧૭૮૦
એરંડા-૧૦૭૧-૧૦૭૧
ચણા-૧૦૦૫-૧૨૭૫
ઘઉં-૫૧૪-૫૧૪
શીંગફાડા-૧૨૬૦-૧૫૫૨
ધાણા-૧૧૫૪-૧૨૩૦
સોયાબીન-૮૪૮-૮૬૪

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૦૧
તલસફેદ-૨૪૦૦-૨૭૫૦
જીરૂ-૪૫૦૦-૫૫૪૦
તુવેર-૨૦૦૦-૨૪૦૦
કપાસ-૧૨૨૦-૧૪૮૧
ઘઉં-૪૫૦-૫૨૦
મગ-૧૫૨૫-૧૬૬૦
સોયાબીન-૮૦૦-૮૪૦
ચણા-૧૧૦૦-૧૩૩૦
બાજરો-૩૮૦-૫૦૫
જુવાર-૪૫૦-૮૮૦

**ખાંભા**
કપાસ-૧૨૭૧-૧૩૩૦
તલસફેદ-
જુવારસફેદ-૭૬૫-૮૭૫
મગ-૧૬૮૦-૧૬૮૦
સોયાબીન-૮૪૦-૮૪૦
તુવેર-
જુવારપીળી-૧૦૮૦-૧૦૮૦
ચણા-૧૦૫૬-૧૨૪૪

**બગસરા**
કપાસ-૧૦૦૦-૧૪૨૫
મગ-૧૩૨૫-૧૫૫૦
ધાણા-૧૦૨૫-૧૨૦૦
અડદ-૧૫૫૦-૧૫૫૦
તુવેર-૧૭૬૫-૧૭૬૫
રાયડો-૮૧૫-૮૧૫
મગફળી-૮૦૦-૧૦૫૩
મેથી-૮૫૦-૮૫૦
શીંગફાડા-૧૩૫૦-૧૪૭૦
સોયાબીન-૮૩૨-૮૫૦
જુવાર-૪૬૦-૬૨૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૨૦૦
દાડમ-૧૨૦૦-૧૬૦૦
મુસંબી-૧૦૦૦-૧૩૦૦
સંતરા-૨૨૦૦-૨૬૦૦
કીવી-૩૬૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૪૦૦૦
કેરી-૧૮૦૦-૨૪૦૦
ખારેક-૪૦૦-૧૦૦૦
કેળા-૩૦૦-૪૫૦
પોપૈયા-૫૦૦-૭૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૮૦૦-૩૮૦૦
અનાનસ-૧૩૦૦-૧૫૦૦

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૯
ન્યુનતમ તાપમાન ૨૭.૬
ભેજનું પ્રમાણ ૮૨
પવનની ગતિ સરેરાશ-૮.૬

### સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, વેપારી મહામંડળ અને રોટરી ક્લબ અમરેલીગીરના સહયોગથી

# અમરેલી આયુર્વેદ હોસ્પિટલમાં યોગ સપ્તાહની ઉજવણી

## નિષ્ણાંત યોગ ગુરૂ દ્વારા તા.૧૯ થી ૨૫ સુધી દરરોજ સવારે કરાવાતા યોગ : આયુર્વેદ હોસ્પિટલના તબીબોનું માર્ગદર્શન





અમરેલી,સરકારી આયુર્વેદિક હોસ્પિટલ અમરેલી તથા વેપારી મહામંડળ અમરેલી તથા રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરના સંયુક્ત ઉપક્રમે દસમા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે યોગ સપ્તાહ ૨૦૨૪નું આયોજન તારીખ ૧૯/૦૬/૨૦૨૪ થી ૨૫/૦૬/૨૦૨૪ સુધી સવારે ૬:૦૦ વાગ્યા થી ૮:૦૦ વાગ્યા સુધી સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ના ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું છે. છેલ્લા ૯ વર્ષથી આપ સૌ નગરજનો દ્વારા મળી રહેલા અવિરત સાથ સહકાર થકી આ વર્ષે પણ એ જ દિવ્ય અનુભૂતિ સાથે, એ જ વનરાઈ વચ્ચે, એ જ પક્ષીઓના શું મધુર કલરવ સાથે યોગ સપ્તાહન ૨૦૨૪ નું આયોજન કરેલ છે. જેમાં અમરેલી જિલ્લાના નિષ્ણાત યોગગુરૂ દ્વારા યોગ કરવામાં આવે છે. આ યોગ સપ્તાહ ૨૦૨૪ ના મુખ્ય સ્પોન્સર નીલકંઠ જ્વેલર્સ લાઠીવાળા તથા કો સ્પોન્સર મનીષભાઈ ભટ્ટ (સદગુરુ ઈન્વેસ્ટમેન્ટ) તથા હકીમી ગ્લાસ ટ્રેડર્સ દ્વારા આ સેવા ના કાર્ય ને સફળ બનાવવા યોગદાન મળેલ છે. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ અલ્પહારની પણ વ્યવસ્થા રાખેલ છે. તો આપશો નગરજનોને આનો લાભ લેવા નમ્ર વિનંતી.

# બગસરામાં સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

## ૬૧ વિદ્યાર્થીઓને સમારોહમાં સન્માનીત કરી બિરદાવ્યાં



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) શ્રી સમસ્ત ઔદિચ્ય બ્રહ્મ સમાજ બગસરા દ્વારા આયોજિત સરસ્વતી સન્માન સમારોહ ૨૦૨૪નું આયોજન તારીખ-૯-૬-૨૦૨૪ ને રવિવારના દિવસે શ્રી સમસ્ત ઔદીચ્ય બ્રહ્મસમાજના પરિવારોના ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્ર ના ભામાશા શ્રી શાસ્ત્રી રમેશદાદા ઠાકર મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ભારતીબા વાડી અમરેલી ના અધ્યક્ષ સ્થાને તેમજ શિક્ષણ જગતના ભીષ્મપિતામહ અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શ્રી એમ.જી.જોશી સાહેબ અમરેલી તેમજ મુખ્ય મહેમાન તરીકે શ્રી તનસુખભાઈ ઠાકર શ્રી સમસ્ત ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજ અમરેલી પ્રમુખશ્રી તેમજ સાંપ્રત સંતશ્રી ચેતન મહારાજ- શ્રી દત ટેકરી આશ્રમ તડકા પીપળીયા પાટિયું તેમજ બાળકોની સાર સંભાળ માટે ગુજરાત ભરમાં જેમનું નામના છે તેવા ડોક્ટર નીતિનભાઈ ત્રિવેદી તેમજ બ્રહ્મ સમાજ અમરેલી ના અગ્રણી તેમજ તેજાબી વક્તા શ્રી આનંદભાઈ ભટ્ટ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમમાં કુલ ૧૩૫ અરજીઓ આવેલ હતી તેમાંથી વિભાગ વાર સરકારી શાળા-પ્રાઈવેટ શાળા અને અંગ્રેજી માધ્યમ એમ જુદા જુદા વિભાગોમાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંક આપી કુલ ૬૧ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી સમસ્ત ઔદીચ્ય બ્રહ્મ સમાજ બગસરા દ્વારા જેમને ત્યાં અવસાન થયું હોય તેમને ત્યાં એક સમયનું ભોજન ની સેવા કરવામાં આવે છે અને આ સેવાના અનુદાન માટે એક વર્ષની સેવા શ્રી સ્વર્ગસ્થ વસંતભાઈ કાંતિલાલ રાજ્યગુરુ ના સ્મરણાર્થે શ્રી દિશંતભાઈ પરેશભાઈ રાજ્યગુરૂ ના હસ્તે આ સેવાની રકમ સુપ્રત કરવામાં આવી અને આવતા વર્ષની સેવાના દાતા તરીકે શ્રી દિપકભાઈ વિષ્ણુભાઈ પાઠક આચાર્યશ્રી માધ્યમિક શાળા માવજીંજવા તરફ થી જાહેરાત કરવામાં આવી સાથે ટિફિન સેવા માં રાજેશભાઈ ભટ્ટ પરિવાર દ્વારા ગૌ.વા.કાંતાબેન ઝવેરી લાલ ભટ્ટ ના સ્મરણાર્થે ૫૦૦૧ આપવામાં આવ્યા આં અનુદાન ને હર્ષભેર વધાવવામાં આવ્યું આ ઉપરાંત બગસરામાં વસતા ઔદિચ્ય બ્રહ્મ પરિવારના એલ.કે.જી તેમજ એચ.કે.જી થી કોલેજ સુધીના તમામ બાળકોને દાદા જી ફાઉન્ડેશન લિમિટેડ કંપની રાજકોટ ના શ્રી દિનેશભાઈ પંડ્યા રાજકોટ વાળા તરફથી ફુલસ્કેપના ચોપડાઓ નિશુલ્ક સેવા અમૂલ્ય ગણી અને આપવામાં આવી હતી આ તકે આવેલા મહેમાનોશ્રીઓ દ્વારા બાળકો ખૂબ અભ્યાસ કરી શિક્ષણના ઉચ્ચ શીખરો સર કરી બગસરા તેમજ રાજ્ય અને રાષ્ટ્રની સેવા કરે પોતાના સમાજને ઉપયોગી થાય તેવા રૂડા આશીર્વાદો આપવામાં આવ્યા આ તકે કિરીટભાઈ જોશી પ્રમુખ શ્રી સમસ્ત બગસરા દ્વારા કાર્યક્રમની રૂપરેખાઓ અને શ્રી સમસ્ત ઔદિચ્ય બ્રહ્મ સમાજ બગસરાના થતા કાર્ય અને સેવાઓની જાણકારી આપવામાં આવી હતી આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી આશિષભાઈ ત્રિવેદી અને મંત્રી શ્રી દિવ્યેશભાઈ જોશી દ્વારા મહેમાનોને આવકારવામાં આવ્યા હતા અને આભાર દર્શન ખજાનચી શ્રી સિદ્ધાર્થભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું આ ઉપરાંત આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી બકુલભાઈ દીક્ષિત ઉપ પ્રમુખશ્રી સમસ્ત બ્રહ્મસમાજ બગસરા તેમજ ઉપપ્રમુખશ્રી દીપકભાઈ ભટ્ટ તેમજ મયુરભાઈ પંડ્યા, મેહુલભાઈ ઠાકર, ઈશ્વરભાઈ દીક્ષિત, રવિભાઈ વ્યાસ, મેહુલભાઈ દીક્ષિત, રોનકભાઈ ત્રિવેદી, રાજુભાઈ ઠાકર, જીતુભાઈ જોશી, જનકભાઈ ઠાકર, વગેરે યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી જે પ્રમુખશ્રી આશિષભાઈ ત્રિવેદી ની યાદી જણાવે છે.

# સાવરકુંડલા કે. કે. હાઇસ્કુલમાં પ્રવેશોત્સવ યોજાયો

## ચોકલેટ વિતરણ કરી તમામ વિદ્યાર્થીઓને મોં મીઠા કરાવ્યા



સાવરકુંડલા,

તા. ૧૪ જૂન, ૨૦૨૪ ના રોજ શ્રી કે. કે. હાઈસ્કૂલના પ્રાર્થનાખંડમાં પ્રવેશ ઉત્સવનું આયોજન થયું હતું. જેમાં ધોરણ ૯ અને ૧૧ માં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પ આપીને આવકારવામાં આવ્યા હતા. તેમજ ચોકલેટનું વિતરણ કરીને સર્વે વિદ્યાર્થીઓનું મોં મીઠું કરવામાં આવ્યું હતું.શ્રી કે. કે. હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષિકાશ્રી વર્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી વર્ષાબેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે અભ્યાસ દ્વારા શૈક્ષણિક સિદ્ધિ તો મેળવી શકાશે, પરંતુ સાથે વિદ્યાર્થી જીવનમાં શિસ્તના પાઠ પણ આવશ્યક છે. આ ઉપરાંત અંતે શ્રી કે. કે. હાઈસ્કૂલના આચાર્યશ્રી ચેતનભાઈ ગુજરીયાએ પણ પ્રસંગને અનુરૂપ નવો પ્રવેશ મેળવનાર સર્વે વિદ્યાર્થીઓને શ્રી નૂતન કેળવણી મંડળના પ્રમુખ તથા સર્વે ટ્રસ્ટીશ્રીઓ અને શાળા પરિવાર વતી ઉમળકાભેર આવકાર્યા હતા.

### શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માતૃશ્રી પુરીબેન સ્કુલ ખાતે

# લાઠીમાં વિદ્યાર્થીઓને નોટબુકો વિતરણ કરાઇ

## ટ્રસ્ટીશ્રી ઉકાભાઇ શંકર, શ્રી અરજણભાઇ શંકરના હસ્તે વિતરણ



લાઠી, (વિશાલ ડોડીયા)

શ્રી શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત, માતુશ્રી પૂરીબેન માવજીભાઈ શંકર સ્કૂલ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ ફ્રી માં નોટબુક નું વિતરણ કરવામાં આવે છે તે પ્રમાણે આજ રોજ શ્રી શિવમ ચેરિટેબલ ટ્રસ્ટ, ના ટ્રસ્ટીઓ શ્રી ઉકાભાઈ શંકર તથા શ્રી અરજણ ભાઈ શંકરના વરદ હસ્તે તમામ વિદ્યાર્થીઓ ને નોટબુકો નું વિતરણ કરવામાં આવ્યું હતું.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## ઉના ગુરૂકુળમાં વિશ્વ યોગદિવસ ઉજવાયો



ઉના, (નિરવ ગઢીયા) ૨૧મી જૂન વિશ્વ યોગદિવસ ઉના સ્વામિનારાયણ ગુરૂકુળમાં સતત ૩ દિવસ યોગાસનો કરી સંસ્થાના પ્રમુખ પ.પૂ.શાસ્ત્રી સ્વામી માધવદાસજીના આશીર્વાદ સાથે ૩૦૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સ્વયંમ અને સમાજને માટે યોગ થીમ સંદર્ભે યોગદિનની ઉજવણી કરી હતી.

## સુરતમાં ઇલે. વાહનમાં આગથી યુવતિનું મોત

સુરત,

સમયની માંગ અને વધતા જતા પેટ્રોલ ડીઝલના ભાવના કારણે ધીમે ધીમે લોકો ઈલેક્ટ્રિક વ્હીકલ તરફ વળ્યા છે. સરકાર દ્વારા પણ લોકો ઈલેક્ટ્રિક વ્હીકલનો ઉપયોગ કરે તેના માટે પ્રયત્નો કરી રહી છે. પરંતુ શું આ ઈલેક્ટ્રિક વ્હીકલ સુરક્ષિત છે તે પ્રશ્ન લોકોને મૂંજવી રહ્યો છે.અવારૈ નવાર ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટના સમાચાર વાંચવા મળે છે. ત્યારે આજે સુરતમાં વધુ એક ઈલેક્ટ્રિક વ્હીકલમાં બ્લાસ્ટ થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. સુરતના ગડોદરા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ઈ-બાઈકની બેટરીને ચાર્જીંગ મુકવામાં આવી હતી જેમાં આજે વહેલી સવારે બ્લાસ્ટ થતાં આગ લાગતાં ૧૮ વર્ષની એક યુવતિનું મોત નિપજ્યું છે જ્યારે ૪ લોકો દાઝી ગયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

## હિંમતનગરમાં લોકોએ અંડર વોટર યોગ કર્યા



હિંમતનગર,સાબરકાંઠા જીલ્લામાં પણ અલગ અલગ સ્થળે લોકો યોગ માં જોડાયા હતા યોગથી મન પ્રફુલિત થાય છે અને યોગ શરીર માટે પણ જરુરી છે. ૧૦૦થી વધુ લોકોએ સાબર સ્ટેડિયમ ખાતે આવેલ સ્વિમિંગ પૂલ માં પાણી યોગ કર્યા હતા. આ માટે સ્વિમિંગ પૂલ માં પાંચ દિવસની તાલીમ અપાઈ હતી અને એ તાલીમ પુર્ણ થયા બાદ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે પાણી યોગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

## બનાસકાંઠાના નડાબેટમાં મુખ્યમંત્રીએ યોગ કર્યા



પાલનપુર,દેશભરમાં આજે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી છે. આજે બનાસકાંઠાના નડાબેટમાં રાજ્યકક્ષાના યોગ દિવસની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. નડાબેટમાં રાજ્ય સરકાર અને બીએસએફના સહ આયોજનથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નડાબેટમાં યોગ દિવસની ઉજવણી કરી.

## કાગવડ ખોડલધામની દાન પેટીમાંથી ચોરી

રાજકોટ,કાગવડ ખોડલધામ મંદિરની દાનપેટીમાંથી જ રાજકોટમાં આવેલ ટ્રસ્ટની ઓફિસમાં ડ્રાઈવર તરીકે કામ કરતાં શખ્સે જ રોકડ રૂ.૨.૬૨ લાખની ચોરી કરી હતી. જે મામલે ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલના પીએ અને સિક્યુરિટીમેનને જાણ થતાં ભાંડો ફૂટ્યો હતો અને રોકડ રૂપિયા સાથે ડ્રાઈવરને પકડી પોલીસને સોંપવામાં આવ્યો હતો.

## અલંગમાં કરોડોની ભંગાર ચોરીનો પ્રયાસ નિષ્ફળ

ભાવનગર,

ભાવનગર કુંભારવાડા વિસ્તારમાં આવેલ ભંગારના ડેલામાં રાત્રીના સમયે ૧૦ જેટલા અજાણા માણસોએ ગેલામાં પ્રવેશ કરીને આઈસરમાં એક ટન જેટલો કોપરનો માલ ચોરી કરવાનો પ્લાન કર્યો હતો, પરંતુ આસપાસના રહેતા લોકોને શંકા જતા ડેલા પાસે આવતા જ તસ્કરો આઈસર મૂકીને નાસી છૂટ્યા હતા જોકે સમગ્ર ઘટનાને લઈને પોલીસ સ્ટેશનના ફરિયાદ થતાં આઈ.જી, એસ.પી અને એલ.સી.બી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.ભાવનગર શહેરના કુંભારવાડા ખાર વિસ્તરમાં અમીનભાઈ મારફાણીના ભાડુઆતી માલિકી આઈટી ટ્રેડર્સ નામના ડેલામાં હરિયાણા પાર્સિંગનું આઈસર લઈને આવેલા ૪ થી ૫ શખ્સોએ છરીની અણીએ બે ચોકીદારને બંધક બનાવી ડેલામાં દોઢ થી બે કરોડ રૂપિયાની લૂંટનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનામાં ૨૦ જૂનના મોડી રાત્રીના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. આ ઘટનામાં શહેરના બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી. આ ઘટનામાં નાસી છુટેલ શખ્સો ને પકડવા માટે એલસીબી ટીમ અને સ્થાનિક પોલીસની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### સેવાભાવી સંસ્થા બજરંગ ગૃપ દ્વારા

# ધારી ડાંગાવદરમાં જરૂરિયાતમંદોને વિનામુલ્યે ચશ્મા વિતરણ કરાયા

## તાલુકાના બે ગામડામાં બજરંગ ગૃપની સેવા



ધારી,ધારી તાલુકાની સેવાકીય સંસ્થા બજરંગ ગ્રુપ દ્વારા ડાંગાવદર બજરંગ ગ્રુપ પ્રમુખ પ્રવીણભાઈ દાફડા ની આગેવાની માં ડાંગાવદર ગામના જરૂરિયાતમંદ લોકોને નંબરવાળા ચશ્મા નું વિના મૂલ્ય વિતરણ કરવામાં આવેલ જેમાં બજરંગ ગ્રુપના કાર્યકર્તાઓ હાજર રહેલ ધારી તાલુકાના દરેક ગામડાઓમાં બજરંગ ગ્રુપ ની શાખા કાર્યરત છે દરેક ગ્રામ્ય વિસ્તારમાં વિના મૂલ્ય ચશ્મા નો વિતરણ કરવામાં આવશે. તેમ બજરંગ ગ્રુપ પ્રમુખ પરેશ પટ્ટણી ની યાદી જણાવે છે.

# ટીંબીના સરપંચે જેસીબી મંગાવી સફાઇ કરાવી

## વર્ષો પછી નદિમાં સાફ સફાઈ કરાવાતા ગ્રામજનોમાં પ્રસંશા



ટીંબી, (હિંમતદાદા) જાફરાબાદના ટીંબી ગામે આવેલ રૂપેણ નદીમાં વર્ષોથી મોટા ભાગના પથ્થરો હતા અને તે ખુબ જ નડતર રૂપ પથ્થરોને જે.સી.બી સીવાય કાઢી ન સકાય તેવા હતા ચોમાસા દરમીયાન રૂપેણ નદીમાં પુર આવે ત્યારે ઉપર વાસથી માલઢોર પાણીમાં તણાતા અને નદીમાં રહેલા પથ્થરો માલઢોરને વાગતા અને માલઢોર પાણીમાંથી બહાર પણ નો આવી શકે તેવી હાલત હતી જેથી ટીંબી ગામના યુવાન સરપંચ રમેશભાઈ બાંભણીયાના ધ્યાને આવતા અવાર નવાર રજુઆતો થતી. સરપંચશ્રી રમેશભાઈએ ત્રણ જે.સી.બી મંગાવી રૂપેણ નદિ માંથી તમામ મોટા પથ્થરો ગાંડો બાવળ કઢાવીને નદિ સ્વચ્છ કરાવતા ગામના આગેવાનોએ ખુશી વ્યક્ત કરી. સરપંચની સારી કામગીરીને બીરદાવી હતી.અને ધન્યવાદ પાઠવ્યા હતા.

## કડીના વણસોલ માર્ગ પરનો રેલ્વે અંડરબ્રિજ ચોમાસામાં પાણીથી ભરાઇ જતાં સ્થાનિકો પરેશાન

# બગસરામાં નેત્રનિદાન સારવાર કેમ્પ યોજાશે

## આંખની હોસ્પિટલ ખાતે શુક્રવારે કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની સેવા

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૮-૬-૨૦૨૪ને શુક્રવારના રોજ ગૌ.વા.નરભેરામભાઈ રાયઠઠ્ઠા, ગૌ.વા.ગૌરીબેન નરભેરામભાઈ, ગૌ.વા.નરોત્તમભાઈ નરભેરામભાઈ, ગૌ.વા. સ્વ.વસંતરાય નરભેરામભાઈ રાયઠઠ્ઠાના સ્મરણાર્થે હા.દિવ્યેનભાઈ વી.રાયઠઠા (પ્રાગટ્ય ગૃપ ફ કંપની-અમદાવાદ) પરિવારના સૌજન્યથી ૫૯૮ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રીરણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે પરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.પરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા.૨૮-૬-૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## બોટાદમાં બે રાજકીય આગેવાનો સામે દુષ્કર્મની ફરિયાદ

ભાવનગર,બોટાદના રાણપુર પોલીસ સ્ટેશમાં બે નેતા સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. કાઠીયા ઘાંચી સમાજના પ્રમુખ અને આમ આદમી પાર્ટીના રાણપુરના પૂર્વ પ્રમુખ અનીશ માંકડ તથા બોટાદ જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખના પતિ અને કોંગ્રેસના મકસુદ શાહ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.બોટાદમાં લીવ ઈન રીલેશનમાં રહેતી મહિલા કે જેને તેમા પતિ સાથે ઝઘડો થતા શબીર નામના વ્યક્તિ સાથે રહેતા હતા. મહિલાને તેના પ્રથમ પતિના બે બાળકો છે. જે બાળકોઆ મહિલાના પિતા પાસે હતા. આ બાળકો પરત લાવવા અનીશ માંકડને વાત કરી હતી.

## અમદાવાદ જગન્નાથ મંદિરની મુલાકાતે મંત્રીશ્રી હર્ષ સંઘવી

અમદાવાદ,ભગવાન જગન્નાથની રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે રથયાત્રાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રથયાત્રા પહેલા ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી જગન્નાથ મંદિરની મુલાકાતે લીધી. જ્યાં હર્ષ સંઘવીએ રથયાત્રાની તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી છે. મંદિર ટ્રસ્ટ સાથે પણ સમગ્ર સુરક્ષા વ્યવસ્થા અને કાર્યક્રમના આયોજનને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી છે. જેમાં મહંત સહિત મંદિર પ્રશાસનના સદસ્યો અને પોલીસ અધિકારીઓ હાજર રહ્યા છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# તા. ૨૪મી જુનથી ૬ઠ્ઠી જુલાઈ-૨૦૨૪ દરમિયાન ભુજમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પૂરક પરીક્ષાઓ યોજાશે

## પરીક્ષા કેન્દ્રોના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં પ્રતિબંધાત્માક હુકમો

ભુજ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાઓ તા. ૨૪/૦૬/૨૦૨૪ થી તા.૦૬/૦૭/૨૦૨૪ દરમિયાન યોજાનારી છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થાળ તથા તેની આજુબાજુના વિસ્તાદરમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા માટે પ્રતિબંધાત્મદક હુકમો જારી કરાયા છે. જિલ્લામાં ઉપરોક્ત પરીક્ષા, પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોરના ત્રાસ અને ભય વિના શકે તેમજ પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજિક તત્વોષના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમિયાન જાહેર વ્યથવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષાઓ દરમિયાન ચોરીના દૂષણના કારણે તેજસ્વીવ પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી પ્રશ્નપપત્રો કે તેના ઉતરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે અધિક જિલ્લાન મેજિસ્ટ્રેટશ્રી મિતેશ પંડયાએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબ પ્રતિબંધો ફરમાવ્યા છે. જેમાં આ પ્રતિબંધો શહેરની ૧૫ શાળાઓ, હાઈસ્કૂલોની ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તાબરમાં તા. ૨૪/૦૬/૨૦૨૪ના સવારના થી તા.૦૬/૦૭/૨૦૨૪ના રાતના ૮ વાગ્યા સુધી અમલમાં રહેશે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જૂનાગઢ જિલ્લામાં મકાન, ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન ગોડાઉન જાણ કર્યા સિવાય કોઇને ભાડે આપી શકાશે નહીં

## જાહેર સલામતી અને સુરક્ષા તકેદારીઓને ધ્યાનમાં રાખી જાહેરનામું

જૂનાગઢ, જૂનાગઢ જિલ્લામાં કોઈ પણ મકાન, ઔધોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજના માલિક સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જાણ કર્યા સિવાય કોઈને મકાન ભાડે આપે શકાશે નહીં એ માટેનું જૂનાગઢ જિલ્લા અધિક કલેક્ટરશ્રી દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જૂનાગઢ જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામધંધા અર્થે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનીકે ભાડેથી મકાન કે અન્ય એકમ લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીની પગલા આવશ્યક જણાય છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લા અધિક કલેક્ટર શ્રી એન.એફ.ચૌધરી દ્વારા તેમને સત્તાની રૂ એ એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાં મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન, ઔદ્યોગિક એકમ, ઓફિસ, દુકાન, ગોડાઉન, કોલ્ડસ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડેથી શકશે નહીં. ભાડે આપેલ મકાન કે અન્ય એકમની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની આળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નજીકના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. આ જાહેરનામાનો તાત્કાલિક અસરથી તા.૧૬/૦૮/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

## ગીરસોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીર સોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# સોમનાથ ચોપાટી ગ્રાઉન્ડ ખાતે યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઇ



ગીર સોમનાથ,સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર વિશ્વ ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવી રહ્યું છે. પર્યટન વિભાગ દ્વારા આઈકોનિક પ્લેસ તરીકે ઘોષિત પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં ચોપાટી ગ્રાઉન્ડ ખાતે પ્રતિ વર્ષ વિશ્વ યોગ દિવસ પર હજારો યોગ અભ્યાસુ યોગાસનો કરે છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્રના સહયોગમાં રહીને વિશ્વ યોગ દિવસ પર વધુને વધુ લોકો યોગ સાથે જોડાઈ તે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે. ત્યારે આજરોજ જ્યારે ૧૦'માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર હજારોની સંખ્યામાં યોગ અભ્યાસુઓએ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોગ અભ્યાસ પૂર્ણ કર્યો.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જિજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૨-૦૬-૨૦૨૪ શનિવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા) આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં જોડાતા ઇફકોનાં ચેરમેન શ્રી દિલીપ સંઘાણી

### પ્રધાનમંત્રીના પ્રયાસોથી યોગની વૈશ્વીક સ્વીકૃતીને આવકારી : શ્રી સંઘાણી



અમરેલી,

સમગ્ર વિશ્વભરમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી સંપુર્ણ માનવતાને ભારતીય સંસ્કૃતીના આ અનમોલ ભેટને વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદિના પ્રયાસોથી વૈશ્વીક સ્વીકૃતી મળવાથી આજે પુરુ વિશ્વ યોગને અપનાવે છે તે ભારતીયો માટે ગૌરવની વાત છે તેમ જણાવી શ્રી દિલીપભાઈ સંઘાણીએ યોગ પ્રક્રિયામાં ભાગ લીધો હતો.

### રૂપિયા એક કરોડના ખર્ચે તૈયાર થનાર

## અમરેલી નજીક કેરીયાનાગસ ગામે રામજી મંદિરનું નિર્માણ કાર્ય વેગવંતુ

### ગામના વતની અને સુરત, મુંબઇ, અમદાવાદ, નાસીક અને વિદેશમાં વસતા દાતાઓ દ્વારા દાન અપાયું



કેરીયાનાગસ, (ભરતભાઈ હરખાણી) અમરેલીના કેરીયાનાગસમાં વર્ષો જુનુ રામજી મંદિર જર્જરીત બની ગયેલુ અને ગ્રામજનોએ રામજી મંદિર બનાવવાનો નીર્ણય કરેલ તેથી સુરત, મુંબઈ, અમદાવાદ, નાસીક તેમજ વિદેશમાં વસેલા લોકોને દાનની અપીલ કરતા અંદાજે રૂ.૧ કરોડ જેવી રકમ એકત્ર થયેલ છે ત્યારબાદ રામજી મંદિરનું નીર્માણ કાર્ય શરૂ કરાતા હાલ મંદિરનું કાર્ય ૫૦ ટકા પુર્ણ થઈ ગયું છે. આજે રામજી મંદિર નીર્માણ કમીટીના સભ્યોએ કામનું નીરીક્ષણ કરી આગળના કામનું આયોજન કર્યુ હતુ.

### વરસાદની આશાએ આગોતરૂ કોરામ વાવેતર કર્યુ પણ વરસાદ ખેંચાતા

## જાફરાબાદ પંથકમાં કપાસિયા ફટાકડાની જેમ ફૂટી ગયાં

### ખેડૂતોએ હવે નવું બિયારણ લઈ વાવેતર કરવું પડશે : ખેડુતોને આર્થીક નુક્શાન

રાજુલા, કનુભાઈ વરૂ

જાફરાબાદ પંથકમાં તાજેતરમાં ૧૨ દિવસ પહેલા થયેલા વરસાદથી અને વરસાદ આવે તેવી શક્યતા અને ઠંડા વાતાવરણને ધ્યાને લઈ તમામ ગામમાં કોરામાં કપાસના બિયારણ નું વાવેતર કરી નાખ્યું અને બે થી ત્રણ ગામમાં અને ભીનામાં રાતોરાત ખેડૂતોએ ઉંચા ભાવે મજૂરો શોધી અને કપાસના બિયારણ નું વાવેતર કરી દીધી હતી જેથી કોરામાં હોવાથી મોટાભાગનું બિયારણ ખેતરોમાં પડ્યું હતું પરંતુ વરસાદના ઝાપટા થતાં અને ઠંડક પડતા તમામ બિયારણની કળીઓ નીકળી અને બળી ગઈ હવે દેશી ભાષામાં ખેડૂતો કહેવા લાગ્યા છે આને બિયારણ નીકળીને ખેડૂતો કહે છે કે ફટાકડા ફૂટી ગયા જેથી તમામ બિયારણ નાશ થઈ ગયું છે ત્યારે ખેડૂતો હવે પાછી ખરીદી બિયારણની કરવા લાગ્યા છે આમ આ ધીમા અને ઝાપટા વરસાદના કારણે અને ખેડૂતના સાહસને કારણે એડવાન્સ વાવેતર કર્યુ હતું તે બળી ગયું છે સરકાર આમાં વાતો કરે છે કે ડબલ ઉત્પાદન અને ખેડૂતની આવક બમણી થાય તે માટે પ્રયત્નશીલ છે પરંતુ બિયારણ જ બળી જતા ડબલ આવક કરતા જે આવક તેમાંથી પણ આવક ઓછી થઈ જાય છે અને ખેડૂત લેણદાર બનતો જાય છે ત્યારે સરકાર દ્વારા હવે સહાય તો નહીં પરંતુ મહી પાઈપલાઈનનું આયોજન ગામે ગામ તળાવમાં નાખવાનું પાણીનું કર્યું છે તે તાત્કાલિક ધોરણે શરૂ કરાવે તેવી માંગણી ખેડૂતો અને લાગણી છે હાલ એક પણ કુવામાં પાણી નથી જેથી ખેડૂતો પિયત પણ કરી શકે તેમ નથી ત્યારે મહિનું પાણી ગામ સિસાઈનું પહોંચાડવા માટેનું સર્વે પણ થઈ ગયું છે તો ભાજપ સરકાર ખેડૂતલક્ષી હોય ત્યારે આ કામગીરી કરવા માટે ખેડૂતોની માંગણી અને લાગણી છે

### અલ્ટ્રાટેક નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્કસ દ્વારા

## જાફરાબાદ શહેરમાં વિશ્વ રક્તદાન દિન નિમિત્તે રક્તદાન શિબિર યોજાઇ

### નવકાર બલ્ડ બેન્ક, મહુવા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાબકોટનો સહયોગ



રાજુલા, (કનુભાઈ વરૂ) નવકાર બ્લડ બેન્ક, મહુવા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાબકોટ સહયોગથી અલ્ટ્રાટેક નર્મદા સિમેન્ટ જાફરાબાદ પ્લાન્ટ પર અને મિતિયાળા ગામમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૯૫ લોકોએ લોહી આપ્યું હતું. પ્લાન્ટમાં એફ.એચ.-એચ.આર. શ્રી વિકાસ વર્મા, એફ.એચ.-ટેક્નિકલ શ્રી રાહુલ દેસાઈ, યુનિટ એફ સી હેડ શ્રી વિકાસ ગર્ગ, ડિપાર્ટમેન્ટ હેડ શ્રી વિનીત સિંહ રાણા, મેડિકલ વિભાગના ડો પ્રણવ કાનેરિયા, ડો નિશા રાજા અને મેડિકલ ટીમ તથા સી.એસ.આર વિભાગના લાલજી ગુજ્જર અને રુદ્ર ભટ્ટ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગ નિમિત્તે એફ.એચ.-એચ.આર. શ્રી વિકાસ વર્મા સાહેબે સર્વે કર્મચારીઓને સંબોધીને કહ્યું કે રક્તદાન એ ખુબ જ મોટું સમાજસેવાનું કાર્ય છે અને તેનાથી આપણે બીજા લોકોને જીવનદાન આપી શકીયે છે. આ નિમિતે સર્વે કર્મચારીઓ દ્વારા આગળ રહીને રક્તદાન કરવામાં આવ્યું હતું અને જ્યાં કુલ ૭૨ જેટલા કર્મચારીઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. તેમજ જાફરાબાદ તાલુકાના મિતિયાળા મુકામે જેમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા, મિતિયાળા સરપંચ શ્રી ચંદુભાઈ બાંભણિયા માજી સરપંચ ચંદુભાઈ ભગવાનભાઈ બાંભણિયા, તાલુકા વિકાસ અધિકારી જાફરાબાદ, તાલુકા હેલ્થ ઓફિસર શ્રી એમ. બી ટાંક, બાબરકોટ મેડિકલ ઓફિસર શ્રી દક્ષાબેન મેવાડા, આયુષ મેડિકલ ઓફિસર આઈ. જે. મોરી, પ્રિન્સિપાલ શ્રી બળવંતભાઈ, અલ્ટ્રેટેક કંપની તથા પી.એચ.સી. બાબરકોટના તમામ સ્ટાફ અને નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ બ્લડ બેંક ના સહકાર થી જ્યાં થી ૯૫ બ્લડ બેગ નું કલેક્સન થયેલ છે, સહકાર આપવા બદલ તમામ નો ખુબ ખુબ આભાર. જ્યાં કુલ ૨૩ જેટલા લોકો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. આ રીતે ૯૫ બ્લડ બેગ નું કલેશન કરવામાં આવ્યું.

### કબીર ટેકરીના મહંતશ્રી પુજ્ય નારાયણદાસ સાહેબના માર્ગદર્શન નીચે

# સાવરકુંડલામાં આજે કબીર સાહેબ પ્રાગટ્ય પર્વ ઉજવાશે

### કબીર સાહેબ પ્રાગટ્ય પર્વ નીમીતે કબીરવાણી સન્માન પુસ્તક વિમોચન અને સાહિત્ય ગોષ્ઠી કાર્યક્રમો યોજાશે

### પ્રાગટય પર્વ નિમિતે પુજન અને અર્ચન સહિતના કાર્યક્રમોનું ભવ્ય આયોજન

### અમરેલીના જાણીતા લેખકશ્રી વાસુદેવ સોઢાના ચાર પુસ્તકોનું વિમોચન કરાશે : કવિઓ લેખકો સહિતની ખાસ ઉપસ્થિતી

અમરેલી,

સાવરકુંડલામાં સદગુરુ કબીર સાહેબ પ્રાગટ્ય દિન ૨૦૨૪ નું આયોજન થયુ છે તા.૨૨ શનિવારે સવારે ૯:૩૦ કલાકથી કબીર ટેકરી ખાતે વિવિધ ધાર્મીક કાર્યક્રમો સાથે ભાવવંદના રૂપ કબીર વાણી સમાન, પુસ્તક વિમોચન, સાહિત્ય ગોસથી યોજાનાર છે. પુજ્ય નારાયણ સાહેબની પ્રેરણાથી પુ.ભક્તિરામ બાપુ, પુ.ઘનશ્યામબાપુ, પુ.કરશનગીરી બાપુ, પુ.વિજયદાસ બાપુના સાનિધ્ય ડો.આર.એન. ગાબાણી (અધીક કલેક્ટર), પુજાબેન જોટાણીયા (નાયબ કલેક્ટર), શ્રી માનસીહભાઈ બાંભણીયા, ગફારભાઈ કુરેશીના અતીથી વિષેશ પદે કાર્યક્રમમાં સવારે ૭ થી ૯ ધ્વજા રોહણ પુજન વીધી, આરતી અને ૯:૩૦ કલાકે કબીર વાણી ચીંતન જેમાં ભરત અગ્રાવત, હરગોવિંદ પંડ્યા, અરવિંદ દવે, મયુર દવે, શ્યામ સાંખટ, માનસી બાંધણીયા, ગુનન જોષી, મહેન્દ્ર ગોસ્વામી, મંગળુભાઈ ખુમાણ, રમેશભાઈ રાવળ, ઉપસ્થિત રહેશે. દ્વિતીય સત્રમાં બપોરે ૨ થી ૪ સાહિત્ય ગોષ્ઠી યોજાશે જેનું સંકલન મનીશભાઈ વિંઝુડા કરશે અને ત્રજા સત્રમાં બપોરે ૪ કલાકે અમરેલીના વાસુદેવ સોઢા લીખીત ૪ પુસ્તકો અંજળપાણી, આયામ, અલગ મલગના ઉખાણા, વરસાદ પુસ્તકોનું વિમોચન થશે જેમાં વકયા તરીકે શ્રી ગોરધન ભેસાણીયા, સુધીર મહેતા, પરેશ મહેતા, વિધી મહેતા, રવજીભાઈ કાચા, નાનાભાઈ ત્રીવેદી, દુર્ગેશ ઓઝા, આર.એસ.દુધરેજીયા, ભરત સતવાણી વક્તવ્ય આપશે, તમામ સાહિત્ય સર્જકોનું વિશિષ્ટ સન્માન કરાશે. ઉદઘોષક તરીકે ઉદય દેસાઈ, વીધી મહેતા સેવા આપશે. કાર્યક્રમનો લાભ લેવા. સદગુરુ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને ગધ સાહિત્ય સભા અમરેલી દ્વારા જણાવ્યું છે.

## રાજુલાના સુર્યા બંગલા વિસ્તારમાં ૨૫ જેટલી નિલગાયોનો વસવાટ અકસ્માત નોતરશે

### વનવિભાગની ઝડપી કામગીરીથી નિલગાયો હટાવાતાં અન્ય સોસાયટી વિસ્તારોમાં રાહત



રાજુલા,

રાજુલા શહેરમાં વેરાઈ રોડ આવેલ બજરંગ હાઈટ્સની પાછળ પાણી અને કાદવમાં એક નીલગાય મૃત્યુ પામી હોય ત્યારે આ વિસ્તારના રહીશો દ્વારા તેમજ વિપુલભાઈ લહેરીને એ જાણ કરતા વન વિભાગના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવેલા અને સાથે સાથે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી જોકે આ નીરગાય કયા કારણોસર મૃત્યુ પામી છે તે જાણવા મળી એવું નથી પરંતુ પ્રાથમિક તારણ મુજબ આ નીલગાય બીમારીના કારણે મોત થયું હોવાનું લોકો કહી રહ્યા છે અને આજે સવારે જ સોસાયટીના લોકોને આ નીલગાય મૃત્યુ પામી હોય તેવું જણાવતા જ તેમને વન વિભાગ તેમજ વિપુલભાઈ લહેરીનું સંપર્ક સાધના વન વિભાગની ટીમમાં તાત્કાલિક અગત્યના સ્થળે દોડી આવેલી અને આ ગાયને આ સ્થળ પરથી હટાવવાની કામગીરી કરવામાં આવી અત્રે ઉલ્લેખની છે કે રાજુલા છતડીયા રોડ વચ્ચે આવતી સોસાયટી સુર્યા બંગલાની પાછળથી સેન્ટ થોમસ સ્કૂલ સુધીમાં ૨૫ જેટલી નીલગાયો રોડ ઉપરથી આવન જાવન કરે છે અને સવારમાં બાળકો ને મૂકવા ૫૦૦ મોટરસાયકલ ટુવીલ ફોરવીલ બસ જેટલા વાહન અવારનવાર છોકરાઓને મુકવા અને જાય છે અને વચ્ચેથી રોડ ઉપરથી નીલગાય પણ પસાર થાય છે ત્યારે આ નીલગાય આ સોસાયટીઓમાં સૂર્યા બંગલા પાછળ રેતી હોવાથી રોડ ઉપર આવી જાય છે ત્યારે મોટો અકસ્માત થાય તે પહેલા વન વિભાગ આ સુર્યા બંગલા બાજુમાંથી નીલગાય અને દૂર કરવામાં આવે જેથી અકસ્માતની સંભાવના દૂર થાય તેમ લોકોની જાણકારી મુજબ આ નીલગાય છે તે પણ આ પછી જેટલી નીલ ગાયો માંથી હોવાનું લોકો કહી રહ્યા છે આમ સોસાયટીમાંથી વન વિભાગમાં આ નીલ ગાયોને મૂકવાની વ્યવસ્થા ઝડપ પર વં તંત્ર કરે તેવી શાળાએ જતા વાલીઓની માંગણી અને લાગણી ઉઠી છે આ મૃતક નીલ ગાયને દૂર કરવા માટે વિભાગના આ કામગીરીમાં વનપાલ આઈ.વી.ગોહિલ, ટ્રેકર ભરત જોગદિયા, રેસ્કયું ટીમ માંથી જુનેદભાઈ અને ભરતભાઈ સહિત સ્ટાફે હાજર રહી આ કામગીરી કરેલ ત્યારે આટલી ઝડપી કામગીરી કરવા બદલ આ વિસ્તાર ના રહીશો એ વનવિભાગ સ્ટાફ નો આભાર વ્યક્ત કરેલ હતો.

### આંબેડકર હોલ પાસેની ગોળાઈ માં બંને બાજુ ખાડા છતા તંત્ર ઘોર નિંદ્રામાં

## વડિયા શહેરનાં હાઇવે ઉપર બન્ને બાજુ ખાડાઓને કારણે ગમે ત્યારે અકસ્માત

### અકસ્માતની ગેરંટી છતાં તંત્ર ગંભીરતા લેતું નથી : અકસ્માત સર્જાયા પછી તંત્ર જાગશે ?



વડિયા, (ભીખુભાઈ વોરા)

અમરેલી જિલ્લા ના છેવાડાના વિકાસ વિહોણા વડિયા તાલુકા માંથી વડિયા - બગસરા - અમરેલી સ્ટેટ/નેશનલ હાઈવે પસાર થાય છે. આ રસ્તા માં વડિયા ગામમાં આંબેડકર હોલ પાસે એલ આકાર ની ગોલાઈ આવેલી છે જેની બંને બાજુ મસ મોટા ખાડાઓ હાલ ગટર અને કચરાના નિકાલ ને બની ચુક્યા છે. આ ખાડાઓ વચ્ચે થી પસાર થતા આ હાઈવે પર ફક્ત એકજ મોટુ વાહન પસાર થઈ શકે તેટલી જ જગ્યા છે. જો બે વાહનો સામ સામે ક્રોસ થાય તો એક વાહન ચોક્કસ ખાડામાં ગરકાવ થાય ત્યારે હાલ ચોમાસાની તુ દરવાજો ખટખટાવે ને મેઘરાજા મંડરાતા જોવા મળી રહ્યા છે ત્યારે ચાલુ વરસાદ માં પાણી ના વહેણ સમયે કોઈ અજાણ્યું વાહન બીજા વાહન સાથે આ વણાંક માં ક્રોસિંગ કરે અને પસાર થાય તો ૧૦૦% અકસ્માત ની ગેરંટી સ્થાનિકો આપી રહ્યા છે જો કે અહીં નાના મોટા અનેક અકસ્માત તો સર્જાઈ ચુક્યા છે પરંતુ હવે અકસ્માત ને રોકવા માટે રોડની સાઈટ પર ખાડાથી વાહન ને બચાવવાં માટે પથ્થર મુકવા ની નોબત આવી છે ત્યારે અહીંથી રોજ જિલ્લા અને તાલુકાના અનેક અધિકારીઓ, નેતાઓ અહીંથી જ પસાર થાય છે છતાં કોઈ ને જાણે સામાન્ય લોકોની પરવાહ જ ના હોય તેવી સ્થિતિ જોવા મળી રહીછે. નેશનલ હાઈવેનુ તંત્ર જાણે ઘોર નિંદ્રા માં સૂતું હોય ત્યારે આ સ્થળે કોઈ દુર્ઘટના ઘટે અને કોઈ નિર્દોષનો ભોગ લેવાય તેની રાહ જોવાતી હોય તેવુ હાલ જોવા મળી રહ્યું છે. જોકે આ બાબતે સ્ટેટ હાઈવે કચેરીનો સંપર્ક કરતા તેમણે આ રોડ નેશનલ હાઈવે ને સોંપેલ હોય તે તેની જવાબદારી આવે છે તેવુ જણાવ્યું હતુ. આ બંને કચેરીઓ વચ્ચે કોઈ નિર્દોષ પીસાઈ તો નક્કી નહિ ત્યારે હાલ આ બાબતે મીડિયા એ જાગૃતતા દાખવી તંત્ર ના બેહરા કાને આ જીવલેણ ભાવી સંકટ ને ધ્યાને મૂક્યું છે હવે જોવાનું એ છે કે વરસાદ પેહલા આ રોડ રીપેર થાય છે કે પછી કોઈ નિર્દોષનો ભોગ લેવાયા પછી તંત્ર દોડતું થશે તે તો આવનારો સમય જ બતાવશે.

### પહેલા પાનાનું
### પ્રાચીન પરંપરા

દિવસ'ની રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી અને અમરેલી-કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ, જિલ્લાના સૌ નાગરિકો,ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલના વિદ્યાર્થીઓ સહિત ઉજવણીમાં જોડાયા હતા. વિવિધ યોગાસન પ્રસ્તુતિ થકી વાતાવરણ યોગમય બન્યું હતુ.યોગ થકી આપણી આંતરિક સુખાકારી વધે છે. યોગએ તણાવમુક્ત, આરોગ્યપ્રદ જીવનશૈલી માટે ઉત્તમ ઉપાય છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં તમામ તાલુકાકક્ષાએ પણ ઉત્સાહભેર યોગ દિવસ ઉજવણી થઈ હતી.૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી પ્રસંગે વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, આજે સમગ્ર વિશ્વ યોગમય બન્યું છે, યોગ એ આપણી પ્રાચીન ષિ પરંપરાની અમૂલ્ય ભેટ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંનિષ્ઠ પ્રયાસો થકી સમગ્ર વિશ્વમાં યોગનું મહત્વ પ્રસ્થાપિત થયું.અમરેલી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈદ્ય, અમરેલી વડીયા કુંકાવાવ પ્રાંત અધિકારી શ્રી નાકિયા, પોલીસ અધિકારીશ્રીઓ, પોલીસ જવાનો, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી પૂનમ ફુમકિયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી પરમાર સહિત સૌ અધિકારીશ્રી - કર્મચારીશ્રીઓ જોડાયા હતા.

### પહેલા પાનાનું
### સીલીન્ડરમાં આગ

ધાધલ આજે બપોરે ૪ વાગ્યે ઘરે ચા બનાવવા ગેસ સીલીન્ડર ફેરવી ફીટ કર્યુ તેમાં પાઈપ લીક થઈ જતા ભારે પ્રેશર આવ્યુ અને સીલીન્ડર નીકળી જતા આગની જ્વાળાઓ નીકળી હતી જેમાં પ્રિન્સ તથા ગોપાલ મોઢાના ભાગે અને ધાર્મિક પગના ભાગે દાઝી જતા ઈમરજન્સી ૧૦૮ દ્વારા સારવાર માટે અમરેલી દવાખાને ખસેડેલ છે.

### પહેલા પાનાનું
### શખ્સની ધમકી

મામલો પોલીસ ચોપડે નોંધાતા હવે પોલીસ આ ગુંડાને શું પાઠ ભણાવી દાખલો બેસાડશે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

ધારી અજંતા સોસાયટીમાં રહેતા ધનંજયગીરી જીજ્ઞેશગિરિ ગોસાઈએ ધારી પોલીસ ચોપડે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે અમરેલી લાઠી રોડ પર રહેતા કોઈ અવિરત ધાધલે તેમને ફોન કરીને કહ્યું હતું કે તારા ભાઈ હાર્દને અત્યારે અમે માર મારીએ છીએ આવતીકાલે ધારી આવી તને પતાવી દઈશું આજ સુધી અમરેલી જિલ્લામાં અમારી સામે કોઈ પેદા નથી થયો ઉભો નથી થયો જે અમને પહોંચી શકે.

આવી નવિચારેલ ધમકી મળતા ધનંજયગિરિ ગભરાઈ ડરી ગયેલ અને પોતાનો મોબાઈલ ફોન બંધ કરી કોઈને કહ્યા વગર ગુમ થયેલા જેને પોલીસે સારંગપુર હનુમાન ખાતેથી હાથ કરી સઘળો બનાવ જાણી લઈ આ લુખ્ખા શખ્સ અવિરત ધાધલ વિરૂદ્ધ ફરિયાદ નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરી આ બનાવ બાદ હરકતમાં આવેલા ધનંજયગિરિના પિતા જીજ્ઞેશગિરિ ગોસાઈએ જણાવ્યું હતું કે આવા કોઈ લુખ્ખાઓથી અમો કયારેય ડરતા નથી અને ડરવાના પણ નથી આ ઉગતા લુખ્ખાને ડામી દેવા અમે છેક સુધી લડી લઈશું.

### છેલ્લા પાનાનું
### દબાણ હટાવી

એન બી સ્ટેટ અને પંચાયત તેમજ asp ના માર્ગદર્શન નીચે બે પીઆઈ ત્રણ પીએસઆઈ અને ૧૨૦ જેટલી પોલીસ આ કામમાં રોકાયા હતા ત્યારે આજે આખા દિવસ દરમિયાન ૭૦ જેટલા દબાણો જેમાં ખાસ કરીને ઓટલાઓ દુકાન આગળ કરેલા મોટા છાપરાઓ અને કેબીનો હટાવવામાં આવ્યા હતા તેમજ કોઈપણ જાતની માથાકૂટ વગર શાંતિપૂર્ણ રીતે સાવરકુંડલામાં આ દબાણ હટાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી જોકે એક વર્ષ પહેલા સાવરકુંડલા શહેરમાં મેગા ડિમોલેશન કરવામાં આવ્યું હતું. પરંતુ ધીમે ધીમે આ દબાણ વેપારીઓ દ્વારા પુનઃજીવિત કરવામાં આવતા એક વર્ષ પછી પાલિકા દ્વારા આ દબાણ હટાવવાની કામગીરી કરવી પડી હતી..

જોકે પાલિકા દ્વારા પ્રી મોનસુન કામગીરી માં કેટલીક જર્જરીત બિલ્ડીંગો કે જે જોખમી છે તેનું ડિમોલિશન જરૂરી છે મહત્વનું છે પરંતુ માત્ર નોટિસ આપી અને વહીવટી તંત્ર છટકી જાય છે જ્યારે કોઈ પણ દુર્ઘટના બને ત્યારે નિર્દોષ લોકો જ આવી દુર્ઘટનાનો ભોગ બનતી હોય છે તો પ્રબુદ્ધ નાગરિકો એવું ઈચ્છે રહ્યા છે કે તાત્કાલિક ધોરણે આ શહેરમાં આવેલ જર્જરત બિલ્ડીંગો પાડી નાખવામાં આવે.

---

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૩૨૨/૨૦૨૩૪
તા.૧૦/૦૬/૨૦૨૪

અરજદાર :- શ્રી ગોરધનભાઈ છગનભાઈ વાડદોરીયા રહે.અમદાવાદ, નિકોલ
અરજદારના વિ.વ.શ્રી ભાવીશાબેન મેહતા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રીશ્રી ગોપાલગ્રામ ગ્રામ પંચાયત, તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે ગોરધનભાઈ છગનભાઈ વાડદોરીયા રહે. અમદાવાદ વાળાએ તેમની પુત્રી નામે જલ્પાબેન ગોરધનભાઈ વાડદોરીયાનો જન્મ તા.૨૦-૦૧-૧૯૮૮ ના રોજ ધારી તાલુકાના ગોપાલગ્રામ મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઇને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૮-૦૭-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

---

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૨૫/૨૦૨૪.................તા.૧૦-૦૬-૨૦૨૪
વિવાદી :- શ્રી પુરૂષોતમભાઈ વિઠલભાઈ તેરૈયા રહે. ૪૧/કૃષ્ણનગર સોસા., રાજકોટ રોડ,બાબરા, જી.અમરેલી
વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી ખાખરીયા ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ખાખરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્ર (૧) ચંદ્રેશ પુરૂષોતમભાઈ તેરૈયાનો જન્મ તા.૧૨-૦૬-૧૯૬૩ (૨) સતીષભાઈ પુરૂષોતમભાઈ તેરૈયાનો જન્મ તા.૦૧-૦૧-૧૯૭૧ ના રોજ મોજે ખાખરીયા, તા.બાબરા મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૦-૦૫-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઇને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૫-૦૮-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી

---

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૦૧/૨૦૨૪.................તા.૧૬-૦૫-૨૦૨૪
વિવાદી :- શ્રી શિલ્પાબેન ડો/ઓ ભાનુભાઈ માતરીયા વા/ઓ નટુભાઈ શંભુભાઈ વામજા રહે. ખીજડીયા કોટડા, તા.બાબરા, જી.અમરેલી
વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી ખીજડીયા કોટડા ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ખીજડીયા કોટડા ગામના રહીશ આ કામના અરજદારશ્રી શિલ્પાબેન ભાનુભાઈ માતરીયાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૪ ના રોજ મોજે ખીજડીયા મોટા, તા.બાબરા મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭-૦૩-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૧-૦૭-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી

---

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૧૮૮/૨૦૨૩૪
તા.૧૦/૦૬/૨૦૨૪

અરજદાર :- શ્રી હસમુખરાય ધીરજલાલ લશ્કરી રહે.સરદાર પટેલ સોસાયટી, ધારી, તા.ધારી
અરજદારના વિ.વ.શ્રી ભાવીશાબેન મેહતા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રીશ્રી લાખાપાદર ગ્રામ પંચાયત, તા.ધારી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે હસમુખરાય ધીરજલાલ પ્રેમદાસ લશ્કરી રહે.લાખાપાદર, તા.ધારી વાળાએ તેમના પોતાના નામે જન્મ તા.૦૧-૦૬-૧૯૬૮ ના રોજ ધારી તાલુકાના લાખાપાદર મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઇને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૬-૦૭-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

---

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૯૫/૨૦૨૪.................તા.૧૬-૦૫-૨૦૨૪
વિવાદી :- શ્રી સંજયભાઈ છગનભાઈ શીયાણી રહે. ચરખા, તા.બાબરા, જી.અમરેલી
વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી ચરખા ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ચરખા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતા સવિતાબેન છગનભાઈ શીયાણીનું મરણ તા.૨૧-૦૮-૧૯૮૬ ના રોજ મોજે ચરખા, તા.બાબરા મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭-૦૩-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૧-૦૭-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી

---

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૯૪/૨૦૨૪.................તા.૧૬-૦૫-૨૦૨૪
વિવાદી :- શ્રી અનિલભાઈ બેચરભાઈ માલવીયા રહે. ગમાપીપળીયા, તા.બાબરા, જી.અમરેલી
વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી ગમા પીપળીયા ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ગમાપીપળીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતા કંચનબેન બેચરભાઈ માલવીયાનું મરણ તા.૧૬-૧૦-૧૯૯૬ ના રોજ મોજે ગમાપીપળીયા, તા.બાબરા મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭-૦૩-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૧-૦૭-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો — સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી

MARUTI SUZUKI ARENA
VITARA BREZZA
WICKEDLY POWERFUL
Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા - ધમાકા ઓફર
Dream Family Spa
ડ્રીમ ફેમેલી સ્પા
Ladies & Gents
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનિટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025

પ્રોફેશનલ ફેમીલી સ્પા
Since: 2018 (7 વર્ષ જુનું)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઇન્ટમેન્ટ માટે : Mo. 70169 65665

Hero
આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવાર શુભ
Hero GIFT Grand Indian Festival of Trust
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૮૭૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

જય ઉમિયા માતાજી | ॐ નમો નારાયણ | જય નાગનાથ મહાદેવ
94281 90118
UF ઉમિયા ફેશન
એક જ ભાવ
સાઈઝ S TO 5XL
ઉનાળામાં પણ ઠંડકનો અહેસાસ
ઉમિયાનું ઉનાળુ કલેક્શન છે ખાસ....
કેપ્રી | જીન્સ | કોટન ટ્રેકપેન્ટ
શોર્ટસ | નાઈટવેર | કોલર પોકેટ - ટી શર્ટ
બરમુડા | સેન્ડો ટી-શર્ટ | ફુલ/હાફ સ્લીવ ટી-શર્ટ
(જોકી, કાંચીરો, કીલવીલ, બ્લેક વાઇન, પ્લેયર્સ, હકુચો)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકત્તા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિત્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પ્લેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

"મધુવન" થી રેલ્યો ઉજાસ, સૌન્દર્ય બિખરે ચોપાસ!
MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 ✆: 94264 23006
madhuvan gold art | madhuvangold.in

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE | SPARE | INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

રજી.સે.શ.૩૬૭૫૨ | ॥ સત્યમેવ જયતે ॥ | ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

